CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૧૧   શુક્રવાર, તા.૦૫-૦૪-૨૦૨૪   અંક : ૨૦૮ વર્ષ : ૨૧   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂ. ૨-૫૦   પાના - ૮

# તેજીનો તરખાટ સોનાએ તોડ્યા તમામ રેકોર્ડ, શેરબજાર નવી ઉંચાઈએ

## MCX પર સોનુ પહેલી વખત 70000 ને પાર પહોંચ્યું

અમદાવાદ,તા.૪

સોના અને ચાંદીની કિંમત નવી ઊંચાઈ પર પહોંચી ગઈ છે. સ્ઝઠ પર સોનું પહેલી વખતે ૭૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના પાર પહોંચી ગયું છે. મલ્ટી કમોડિટી એક્સચેન્જ એમસીએક્સ પર સોનું એપ્રિલના વાયદામાં ૪ એપ્રિલે ૭૦,૨૪૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની નવી ઊંચાઈ પર પહોંચી ગયું છે. બુધવારે એમસીએક્સ ગોલ્ડ ૬૯૭૭૮ રૂપિયા પર બંધ થયું હતું. જોકે તેના પહેલા ઈન્ટ્રાડેમાં સોનું ૬૯,૯૯૯ રૂપિયા સુધી પહોંચ્યું હતું. પરંતુ ૭૦,૦૦૦ના સ્તરને પાર ન કરી શક્યું. આ વર્ષે જાન્યુઆરીથી લઈને અત્યાર સુધી સોનાના ભાવમાં ૬,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામથી વધારેની તેજી આવી ચુકી છે. જાન્યુઆરીની શરૂઆતમાં સોનું વાયદા ૬૩,૬૦૦ રૂપિયાના સ્તરની નજીક ટ્રેડ કરી રહ્યું હતું. ઘરેલુ ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારમાં પણ સોનું નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું ૨,૩૦૦ ડોલર પ્રતિ આઉન્સને પાર નિકળી ગયું છે. સોનાની કિંમતોમાં આ તેજી ઘણા કારણોથી છે.

ફેડ ચેરમેન જેરોમ પોવેલે જણાવ્યું છે કે તે આ વર્ષે વ્યાજ દરોમાં ઘટાડો કરશે. જોકે હાલ તે સ્પષ્ટ નથી કે આ ઘટાડો ક્યારે કરવામાં આવશે. પરંતુ એનાલિસ્ટ્સે અનુમાન લગાવ્યો છે.



## સેન્સેક્સ 74501, નિફ્ટી 22619ની નવી ઉંચાઈએ

મુંબઈ,

લોકસભાની ચૂંટણી પૂર્વે શેરબજાર પણ રેકોર્ડબ્રેક તેજીમાં આગળ ધપતું રહ્યું હોય તેમ આજે સેન્સેક્સ તથા નિફ્ટી ઓલટાઈમ હાઈ થયા હતા. સેન્સેક્સે ૭૪૫૦૦ તથા નિફ્ટીએ ૨૨૬૧૯ની નવી ઉંચી સપાટી બનાવી હતી.

શેરબજારમાં આજે ઉઘડતામાં જ તેજીનો માહોલ રહ્યો હતો. વિશ્વબજારના પોઝીટીવ ટ્રેન્ડ ભારતીય અર્થતંત્ર વિશે વર્લ્ડબેંકે વિકાસનું અનુમાન વધારતા લોકલ મ્યુચ્યુલફંડોની જોરદાર લેવાલી રીટેલ ઈન્વેસ્ટરોનું સતત વધતું રોકાણ ચૂંટણી બાદ ભારતમાં આર્થિક સુધારાનો નવો દૌર શરૂ થવા સાથે માનસ તેજીનું બની રહ્યું હતું અને મોટા ભાગના શેરો સતત ઉછળતા રહ્યા હતા.આગામી તા.૧૯મીથી ચૂંટણીનો તબકકો શરૂ થવા સાથે તેજી વધુ વ્યાપક અને જોરદાર બને તેવી શકયતા જણાઈ રહી છે.

શેરબજારમાં આજે મોટા ભાગના શેરોમાં ઉછાળો નોંધાયો હતો. એનટીપીસી, એચડીએફસી બેંક, પાવર ગ્રીડ, હિન્દ લીવર જેવા શેરો ઉંચકાયા હતા. રીઝર્વ બેંક દ્વારા આવતીકાલે વ્યાજદર સમીક્ષાનું પરિણામ જાહેર થવાનું છે અને ચૂંટણી પૂર્વે સરપ્રાઈઝ આપશે તેવા આશાવાદથી બેંક શેરોમાં આકર્ષણ રહ્યું હતું.

# વિવાદને ભડકાવવાનો મારો કોઈ આશય નથી : પરશોત્તમ રૂપાલા

## પરશોત્તમ રૂપાલા દિલ્હીથી અમદાવાદ પરત ફર્યા

અમદાવાદ,

ક્ષત્રિય સમાજના રોષનો ભોગ બનેલા પરશોત્તમ રૂપાલા દિલ્હીથી આજે અમદાવાદ પરત ફર્યા હતા. અને અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા અને તેમણે દાવો કરતા મીડિયા સમક્ષ જણાવ્યું કે મને તમામ સમાજનું સમર્થન છે. મારે આ મુદ્દે કંઈ ટિપ્પણી કરવી નથી. વિવાદને ભડકાવવાનો મારો કોઈ આશય નથી. રૂપાલાએ મીડિયાને પણ સલાહ આપી હતી કે તેઓ આ મુદ્દાને વધારે હવા ન આપે. તેમણે કહ્યું કે મારા સમર્થનમાં તમામ સમાજ છે.

પરશોત્તમ રુપાલાની તરફેણ માટે પાટીદાર સમાજના લોકો આગળ આવી રહ્યાં છે. તેમાં પણ રાજકોટમાં સ્નેહ મિલન સમારોહની જાહેરાત બાદ હવે સુરતમાં પણ આગામી રવિવારે પરશોત્તમ રૂપાલાની હાજરીમાં સ્નેહ મિલન સમારોહની જાહેરાત કરવામાં આવી છે. સાતમી એપ્રિલે સુરત શહેરના મોટા વરાછા ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે. રાજકોટ, પડધરી, ટંકારા, મોરબી, વાંકાનેર, જસદણ, આટકોટ, વિંછીયા, કોટડા, સાંગાણી, લોધીકામાં પણ સ્નેહ મિલન સમારોહ યાજાશે.

# ગુજરાતમાં મોદીની ૧૨ ચૂંટણી સભા અને રોડ શો યોજાશે

ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં ૭મી મેના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીમાં હજુ પ્રચાર-પ્રસારનો ધમધમાટ જોવા મળતો નથી. ભાજપે તમામ ૨૬ બેઠકોના ઉમેદવારો જાહેર કરી દીધા છે. કોંગ્રેસના હજુ ૭ બેઠકોના ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. હાલ ઉમેદવારો પોત પોતાની રીતે ગૃપ મીટિંગો અને લોક સંપર્ક કરીને પ્રચાર કરી રહ્યા છે. પણ એકાદ સપ્તાહ બાદ પ્રચારનો ધમધમાટ જોવા મળશે.

ભાજપના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૧૦થી ૧૨ જેટલી સભાઓ અને રેલીઓ યોજાશે. જેમાં જે વિસ્તારમાં વિરોધ જોવા મળી રહ્યો છે. એવા વિસ્તારોમાં મોદીની સભા અને રેલીઓ યોજાશે. જો કે હજુ વડાપ્રધાન મોદી પ્રચાર માટે ગુજરાતમાં ક્યારે આવશે તેનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થયો નથી, પણ બે કે ત્રણ તબક્કામાં મોદીનો પ્રચાર માટેનો કાર્યક્રમ ગોઠવાશે.ગુજરાતમાં લોકસભાની ચૂંટણી ત્રીજા તબક્કામાં ૭મી મેના રોજ યોજાશે તેને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષો દ્વારા પ્રચાર પ્રસાર માટે તૈયારીઓ જોરશોરમાં ચાલી રહી છે. આ દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં ૧૦ થી ૧૨ જેટલી જંગી જાહેર સભા અને રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે અને રાજ્યના આઠ મહાનગરો ઉપરાંત લોકસભાના ક્લસ્ટર મુજબ જાહેર સભા અને રેલીનું આયોજન કરાશે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ૨૬ લોકસભા બેઠકને ક્લસ્ટર બનાવી દેવાયા છે. આ ક્લસ્ટર મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. અર્બન વિસ્તારમાં આ રોડ શોની સાથોસાથ જંગી જાહેર સભા પણ યોજાશે. જેમાં વડાપ્રધાન મોદીની સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય અને વિકાસના કામોની યાદી જાહેર કરવામાં આવશે.



# બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ પ્રાઈમનું સફળ પરીક્ષણ

## સીડીએસ અને સેનાના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા

નવીદિલ્હી,તા.૪

ભારતીય સેનાના વ્યૂહાત્મક દળો કમાન્ડે ડીઆરડીઓ સાથે મળીને નવી પેઢીની બેલિસ્ટિક મિસાઈલ અગ્નિ પ્રાઈમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. ઓડિશાના ડૉ. એપીજે અબ્દુલ કલામ ટાપુ પર ગઈકાલે સાંજે લગભગ ૭ વાગ્યે આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલો પરમાણુ હથિયાર લઈ જવા માટે સક્ષમ છે.

અગ્નિ પ્રાઈમ મિસાઈલને ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે. આ પહેલા ગયા વર્ષે ૭ જૂને પણ ડીઆરડીઓએ અગ્નિ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું.

સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે અગ્નિ પ્રાઈમ મિસાઈલ પરીક્ષણ દરમિયાન તેના તમામ પરિમાણો અને ઉદ્દેશ્યોને પૂર્ણ કરે છે. પરીક્ષણ દરમિયાન, વિવિધ સેન્સર સ્થાપિત કરવામાં આવ્યા હતા, જેમાં મિસાઈલ પરીક્ષણ સાથે સંબંધિત ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો. મિસાઈલ પરીક્ષણ દરમિયાન સીડીએસ જનરલ અનિલ ચૌહાણ, સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડના વડા સહિત ડીઆરડીઓના ઘણા વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર હતા. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે અગ્નિ મિસાઈલના સફળ પરીક્ષણ પર ડીઆરડીઓ વ્યૂહાત્મક દળોને અભિનંદન પાઠવ્યા હતા. રક્ષા મંત્રીએ કહ્યું કે મિસાઈલના સફળ પરીક્ષણથી સુરક્ષા દળો મજબૂત થશે. સીડીએસ જનરલ અનિલ ચૌહાણ અને ડીઆરડીઓ અધ્યક્ષ સમીર વી કામતે પણ અગ્નિ પ્રાઈમ મિસાઈલના સફળ પરીક્ષણ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# દેશના ૬ રાજ્યોમાં હીટવેવ, તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચ્યું: ઝારખંડમાં યલો એલર્ટ જાહેર

## ૭ એપ્રિલથી મધ્યપ્રદેશના ૧૮ અને બિહારના ૯ જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે

નવીદિલ્હી,તા.૪

દેશના ૬ રાજ્યોમાં હીટવેવ ચાલી રહ્યું છે. જેમાં કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઓડિશા, ઝારખંડ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. અહીં તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે. ભારતીય હવામાન વિભાગે કેરળ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને લક્ષદ્વીપમાં વરસાદની આગાહી કરી છે. આ સિવાય પર્વતીય રાજ્યોમાં હિમવર્ષા ચાલુ રહેવાનું જણાવ્યું છે. જેમાં જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશ સામેલ છે. હવામાન વિભાગે કહ્યું કે ૭ એપ્રિલથી મધ્યપ્રદેશના ૧૮ અને બિહારના ૯ જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે. આ તરફ, ઝારખંડમાં ૭ એપ્રિલ સુધી હીટવેવનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

એપ્રિલ મહિનામાં મધ્યપ્રદેશમાં વાવાઝોડા અને વરસાદનો ટ્રેન્ડ છે.

# ભોજશાળાના એએસઆઈ સર્વેમાં હિંદુ પ્રતીકો મળ્યા, મુસ્લિમ પક્ષે દાવો નકાર્યો

ધાર,તા.૪

મધ્યપ્રદેશના ધારની ભોજશાળા મુદ્દા સાથે જોડાયેલા એક હિન્દુ પક્ષે ચોંકાવનારો દાવો કર્યો છે. પાર્ટીએ કહ્યું છે કે ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ પરિસરમાં ચાલી રહેલા સર્વે દરમિયાન હિન્દુઓના ધાર્મિક પ્રતીકો અને વસ્તુઓ ધરાવતું ભોંયરું મળી આવ્યું છે. જો કે, મુસ્લિમ પક્ષે આક્ષેપ કર્યો હતો કે દાવો 'ભ્રામક' છે. તમને જણાવી દઈએ કે મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર એએસઆઈએ ૨૨ માર્ચથી ભોજશાળાના વિવાદિત પરિસરમાં સર્વે શરૂ કર્યો હતો. આ આદેશ એક હિન્દુ સંગઠનની અરજી પર આપવામાં આવ્યો છે જેણે ભોજશાળા મુદ્દે કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

સુપ્રીમ કોર્ટે સોમવારે ભોજશાળાના મધ્યકાલીન સંકુલના સર્વે પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. હિન્દુ અને મુસ્લિમ બંને પક્ષો આ સંકુલનો દાવો કરે છે. સર્વોચ્ચ અદાલતે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે આ સર્વેક્ષણના પરિણામો અંગે તેની પરવાનગી વિના કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ. હિંદુ સમુદાયના વકીલ કુલદીપ તિવારીએ ધારમાં કહ્યું કે જે વસ્તુઓ પહેલા ભોજશાળા પરિસરમાં દેખાતી ન હતી તે હવે પ્રકાશમાં આવી રહી છે. તેમણે કહ્યું કે આ સંકુલમાં દેવી સરસ્વતીના મંદિરના ગર્ભગૃહની જમણી બાજુએ એક ભોંયરું મળ્યું છે.

# તેલંગાણામાં ઓર્ગેનિક્સ ફેક્ટરીના રિએક્ટરમાં વિસ્ફોટ થતા 5ના મોત

## મૃત્યુઆંક વધી શકે છે, અકસ્માત સમયે ૫૦ લોકો હાજર હતા

સાંગારેડ્ડી,

તેલંગાણાના સાંગારેડ્ડી જિલ્લામાં એક કેમિકલ ફેક્ટરીમાં રિએક્ટરમાં થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે. જ્યારે ૧૦ અન્ય ઘાયલ થયા હતા. આ ઘટના બુધવારે સાંજે બની હતી. અધિકારીઓએ જણાવ્યું કે અન્ય ઘણા લોકો હજુ પણ ફસાયેલા છે. મૃત્યુઆંક વધી શકે છે. સ્થાનિક લોકો અને મીડિયાના જણાવ્યા અનુસાર વિસ્ફોટ સમયે ઈમારતમાં ૫૦ લોકો હતા.

જે ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો તેનું નામ એસબી ઓર્ગેનિક્સ લિમિટેડ છે. જે સાંગારેડ્ડી જિલ્લાના ચંદુર ગામમાં છે. વિસ્ફોટ બાદ ફેક્ટરીમાંથી કાળો ધુમાડો નીકળવા લાગ્યો હતો.

# કર્ણાટકની હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસની સામે જ ગળું કાપી આત્મહત્યાનો પ્રયાસ

કર્ણાટક,

કર્ણાટક હાઈકોર્ટના પરિસરમાં બુધવારે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક વ્યક્તિ છરી લઈને આવ્યો હતો અને મુખ્ય ન્યાયાધીશ નિલય વિપિનચંદ્ર અંજારિયાની સામે કથિત રીતે ગળું કાપીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન અફરાતફરી મચી ગઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, મૈસુરના રહેવાસી શ્રીનિવાસે કોર્ટ રૂમ નંબર ૧ના પ્રવેશદ્વાર પર સુરક્ષા કર્મચારીઓને એક ફાઈલ સોંપી અને કોઈ કંઈ સમજે તે પહેલા તેણે ચીફ જસ્ટિસની હાજરીમાં તેનું ગળું કાપવાનો પ્રયાસ કર્યો. સુરક્ષા કર્મચારીઓએ તરત જ તેને હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. સુરક્ષા કર્મચારીઓએ કહ્યું, 'અમને ખબર નથી કે તેણે આવું પગલું કેમ ભર્યું. તે કોર્ટ હોલ વનમાં પ્રવેશ્યો અને છરી વડે તેનું ગળું કાપી નાખ્યું. અમારા સિક્યોરિટી સ્ટાફે આ જોયું કે તરત જ તેને બચાવી લીધો. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થળ પરથી કોઈ નોંધ

આભાર - નિહારીકા રવિયા મળી ન હતી.

ચીફ જસ્ટિસ અંજારિયાએ હાઈકોર્ટના પરિસરમાં સુરક્ષાની ક્ષતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને હાઈકોર્ટના ઈન્ચાર્જને પૂછ્યું હતું કે તે વ્યક્તિ તીક્ષ્ણ હથિયાર સાથે કોર્ટ પરિસરમાં કેવી રીતે પ્રવેશ્યો. તેમણે પોલીસને સ્થળ પરથી મળેલા તારણો અને પુરાવાઓ રેકોર્ડ કરવાનો આદેશ પણ આપ્યો હતો.



# ગુજરાતમાં ટેસ્લાની એન્ટ્રી પાક્કી ?

## ફેક્ટરી માટે જમીન શોધવા માટે ટીમ ભારત આવશે : ૨થી ૩ અબજ ડૉલરનો પ્લાન્ટ લગાવશે

નવીદિલ્હી,

ભારત સરકારે કેટલાક દિવસ પહેલા પોતાની નવી ઈલેક્ટ્રિક વ્હિકલ પોલિસી (ની જાહેરાત કરી હતી. તે બાદ દિગ્ગજ ઈફ કંપની ટેસ્લા ના ભારત આવવાની સંભાવના પર મોહર લાગી ગઈ હતી. હવે ટેસ્લાની ભારતમાં એન્ટ્રી પાક્કી થઈ ગઈ છે. એપ્રિલના અંતમાં ટેસ્લા તરફથી એક ટીમ ભારત આવવાની છે. આ ટીમનું કામ ભારતમાં પ્લાન્ટ લગાવવા માટે સૌથી સારી જગ્યા શોધવાનું હશે. આ ટીમની નજર ગુજરાત, મહારાષ્ટ્ર અને તમિલનાડુ પર સૌથી વધારે છે.

એલન મસ્કની ટેસ્લાએ લગભગ ૨થી ૩ અબજ ડૉલરનો પ્લાન્ટ ભારતમાં બનાવવાનો પ્લાન તૈયાર કર્યો છે. આ પ્લાનને જમીન પર ઉતારવા માટે એક ટીમ એપ્રિલના અંતમાં ભારત આવશે. દિગ્ગજ ઈલેક્ટ્રિક વ્હિકલ કંપની ટેસ્લાની આ ટીમ કેટલાક રાજ્યનો પ્રવાસ કરીને પ્લાન્ટ માટે જમીન શોધશે. ટેસ્લાની પ્રાથમિકતા તે રાજ્ય છે જયા પહેલાથી જ ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી છે.

ટાટા કાર પ્રોજેક્ટ બાદ સેમિકન્ડકટર પ્રોજેક્ટ માટે વિશ્વની ટોપની માઈક્રોન કંપનીને પણ ચિપ્સ માટે સાણંદ નજીક જ જમીન ફાળવી દેવામાં આવી છે. સેમિકન્ડકટર પ્રોજેક્ટ શરૂ થઈ ચૂક્યો છે. હવે ટેસ્લા કાર પ્રોજેક્ટ પણ સાણંદ નજીક શરૂ થાય તે જોતાં આ વિસ્તાર ઔદ્યોગિક દ્રષ્ટિએ વધુ વિકસીત થશે તે નક્કી છે.

CMYK CMYK

સૌરાષ્ટ્ર આજતક

# ગીર સોમનાથના સૌથી મોટા શિંગોડા ડેમમાંથી ૧૬ ગામોના ખેડૂતોને ઉનાળુ સિંચાઈ માટે પાણી છોડાયું,ઉનાળુ પાક લેવામાં થશે ફાયદો

ગીર સોમનાથ:આ દ્રશ્યો છે ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાનાં ગ્રામ્ય પંથકના.ખેડૂતો નાં ખેતરો ઉનાળુ પાક માટે તૈયાર થઈ ચૂક્યા છે.જેમાં તલ, અડદ, મગ બાજરી, શેરડીનું વાવેતર છે.આ પાક માટે જરૂરી પાણી શિંગોડા ડેમ માંથી સિંચાઈ માટે અપાઈ રહ્યું છે.શિંગોડા ડેમની મુખ્ય કેનાલ અને બ્રાન્ચ કેનાલની જરૂરિયાત મુજબની સફાઈ કરીને પાણી છોડવામાં આવતા કેનાલમાં ૧૨૫ ક્યુસેક પાણી અવિરત વહી રહ્યું છે.આ કેનાલ દ્વારા ખેડૂતોના ખેતરોમાં પાક પાણી પી રહ્યા છે.પાકને પૂરતા પ્રમાણમાં પાણી મળવા થી ખેડૂતોમાં ખુશી વ્યાપી છે. શિંગોડા ડેમની બ્રાન્ચ કેનાલ માંથી જે ૧૬ ગામના ખેડૂતોને પાણી મળી રહ્યું છે તે ગામોને જો સિંચાઈ માટે પાણી ન મળે તો જમીન બંઝર બની જાય તેવી સ્થિતિ હતી.પરંતુ પાણી મળવાથી ખેડૂતોની જમીન



ફળદ્રુપ બની છે.આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ તો એવી છે કે ૧૦ પૈકી ૪ ગામોના તળમાં તો પાણીજ નથી. ત્યારે આ કેનાલ ખેડૂતોની જીવાદોરી બની છે.આથી ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતા.ગીર સોમનાથનાં સૌથી મોટા ડેમ શિંગોડા સિંચાઈ યોજના માંથી ઉનાળુ પાક માટે ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનું સિંચાઈ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ તેમજ ખેડૂતોની સાથે પરામર્શ કરી આવશ્યકતા મુજબ કેનાલમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. શિંગોડા ડેમ માંથી કુલ ૧૬ ગામોના ખેડૂતોની ૧૦૦૦ હેકટર જમીનને પિયત માટે પાણી અપાઈ રહ્યું છે.ગીર જંગલમાં આવેલા આ ડેમ ની પાણીની કેપેસીટ ની જો વાત કરીએ તો ૧૮.૮૦ મીટર જેટલી કેપેસીટ છે. જયારે હાલ ડેમમાં કુલ ૪૫ ટકા જેટલો જથ્થો છે.જેમાંથી ડેમ ગીર જંગલની મધ્યમાં હોવાથી વન્ય જીવો જેવા કે સિંહ, દીપડા, હરણ, સાંબર સહિત નાના મોટા વન્ય પ્રાણીઓ માટે ૧૦૦ દ્વષ્કં પાણીનો જથ્થો રિઝર્વ રાખ્યા બાદ ૨૪ ગામના લોકોને પીવા અને ૧૬ જેટલા ગામોને સિંચાઈ માટે પાણી પૂરું પડાય છે.ઉનાળુ સિંચાઈ માટે પ્રથમ પાણી હાલ ચાલુ છે.અને બીજા બે પાણી પણ સમયાંતરે આપવામાં આવશે.

# ઉનાના જશરાજ નગરમાં એક સાથે ચાર સિંહના આટાફેરા,રહિશોમાં ભયનો માહોલ ફેલાયો

ઉના:ઉનાઉના ગીરગઢડા પંથકની ગીર બોર્ડર નજીકના ગ્રામ્ય વિસ્તારમાં તો વન્ય પ્રાણીઓની અવર જવર જોવા મળતી હોય છે. પરંતુ હવે તો ગ્રામ્ય વિસ્તારો બાદ શહેરમાં રહેણાક વિસ્તારમાં પણ વન્ય પ્રાણીઓની ચહલ પહલ શરૂ થઈ ગઈ હોય આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જે વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ હતો.

ઉના શહેરમાં ગીરગઢડા રોડ પર આવેલ જશરાજ નગર રહેણાંક સોસાયટી વિસ્તારમાં એક સાથે ચાર સિંહ પરિવાર શિકારની શોધમાં આવ્યાં હોય તેમ આજુબાજુની ગલીઓમાં એક પછી એક સિહો એ આટાફેરા માર્યા હતા. જે મોડી રાત્રીનાં સમયે આવેલા સિંહ પરિવાર આ વિસ્તારના રહેણાંક મકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના કેદ થઈ



હતી. જે વીડિયો સોશ્યલ મીડિયામાં ખૂબ વાયરલ થયેલ હતો. જોકે સોસાયટી વિસ્તારમાં સિંહો આવી ચઢતા લોકોમાં ભય જોવા મળી રહ્યો હતો. અગાઉ પણ નજીક આવેલ તપોવન રોડ પર સીમ વાડી વિસ્તારમાં ખેડૂતોને અવાર નવાર સિંહ જોવા મળતા હોય અને પશુઓના મારણ કરી જતાં રહે છે. આમ અવાર નવાર સિંહના આટાફેરાથી ભય ફેલાઈ ગયેલ.

# અમરેલીમાં મતદાન જાગૃત્તિ અર્થે બાઈક રેલી યોજાઈ

## જિલ્લા ચૂંટણી અધિકારી અને વિકાસ અધિકારીએ સહભાગી થઈ મતદાનનો સંદેશો પ્રસરાવ્યો:અમરેલી શહેરની શાળાના શિક્ષકો અને વહીવટી તંત્રના અધિકારી અને કર્મયોગીઓ બાઈક રેલીમાં જોડાયા

(અતુલ કારિયા) અમરેલી:

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (જીફઈઁ) અંતર્ગત મતદાન જાગૃત્તિ પ્રસરાવવાના હેતુથી અમરેલી શહેરની શાળાના શિક્ષકો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની ફોરવર્ડ શાળાના મેદાનથી આ રેલીનો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયા, ખર્ચ તેમજ નોડલ અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. આ રેલીમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જાતે બાઈક ચલાવી રેલીમાં સહભાગી થઈ શિક્ષકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ રેલી શહેરના સેન્ટર પોઈન્ટ, નાગનાથ ચોક, રેલવે સ્ટેશન, કોલેજ ચોક થઈ પરત ફોરવર્ડ હાઈસ્કુલ ખાતે સંપન્ન થઈ હતી.



રેલીની સમાપન વેળાએ સંબોધન કરતા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યુ હતુ કે, મતદાન જાગૃત્તિનો સંદેશાનો પ્રસાર થાય અને ચૂંટણી ફરજ અર્થે રોકાયેલા શિક્ષકો સહિત સૌનો ઉત્સાહ વધે તે હેતુથી આજે આ રેલી યોજવામાં આવી છે. આગામી સમયમાં આ પ્રકારની એક વિશાળ બાઈક રેલી યોજવામાં આવશે અને મતદાન જાગૃત્તિ પ્રસરાવવામાં આવશે.

આ રેલીમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સક્સેના, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કોટક, અમરેલી-વડીયા-કુંકાવાવ પ્રાંત અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જીફઈઁ નોડલ અધિકારશ્રી ગોહિલ, જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીશ્રીઓ, કર્મયોગીઓ જોડાયા હતા.

# કોડીનાર વિસ્તારમાંથી ૧૦ વર્ષ પહેલા ચોરાયેલ મોટરસાયકલ સાથે બેને પકડતી એસ.ઓ.જી.



ઉના:

જૂનાગઢ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયા જૂનાગઢ રેન્જ તથા ગીર સોમનાથ જિલ્લ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તરફથી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની

જાળવણીના ભાગરૂપે જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા માટે તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પરિણામલક્ષી કામગીરી કરવા ખાસ સૂચના કરેલ હોય જે અનુસંધાને ગીર સોમનાથ એસઓજી પો. ઈન્સ. જે.એન.ગઢવી તથા પોલીસ સબ ઈન્સ. વી.કે.ઝાલાના માર્ગદર્શન અનુસંધાને એસઓજી સ્ટાફના એએસઆઈ ઈબ્રાહીમશા બાનવા તથા પો. હેડ કોન્સ. ગોપાલસિંહ મોરી તથા પો. કોન્સ. ધર્મેન્દ્રસિંહ ગોહીલ,મેહુલસિંહ પરમાર પેટ્રોલીંગમાં હતા.દરમિયાન એસઓજી સ્ટાફના એએસઆઈ ઈબ્રાહીમશા બાનવા તથા પો. કોન્સ. ધર્મેન્દ્રસિંહ ગોહીલને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે ડોળાસા ગામના બસ સ્ટેશન પાસેથી માનશીંગ સામંતભાઈ ચારણીયા (ઉ.વ.૨૮, ધંધો ખેતી, રહે. માઢગામ વડલા શેરી, તા.(ઉના)વાળા પાસેથી હીરો હોન્ડા સ્પ્લેન્ડર, સીલ્વર કલરની, આગળ પાછળ નંબર પ્લેટ વગરની કિં.રૂા.૨૦,૦૦વાળીના આરટીઓ લગત કાગળો, આધાર-પૂરાવા કે બીલ તેમજ વાહન માલિક અંગે કોઈ સંતોષકારક જવાબ આપતો ન હોય અને મો.સા. તેણે રમેશ દેવશીભાઈ સોલંકી (ઉ.વ.૨૮, ધંધો: હિરા ઘસવાનાં, રહે. માઢગામ,તા.ઉના)વાળા રૂા.૩,૦૦૮માં લીધેલ હોય જેથી મો.સા.છળકપટથી કે ચોરી કરી મેળવેલ હોય પાસેથી અને મો.સા.ના એન્જિન નંબર તથા ચેસીસ નં.ઈ-ગુજકોપ એપ્લીકેશનમાં વેરીફાય કરતા સદર મો.સા.ના રિજ નં.જીજે-૧૧-એસી-૫૫૯૩ તથા માલીક જયેશભાઈ ધીરુભાઈ મોરી રહે. દાની દેવળી તા.કોડીનાર વાળા હોય જેથી ઈસમો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી કોડીનાર પોલીસ સ્ટેશને સોંપી આપેલ.

# નિઃશુલ્ક નિદાન અને સારવાર કેમ્પ યોજાયો



સાવરકુંડલા:

સાવરકુંડલામાં શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદીર ખાતે પીડિયાટ્રિક ફિઝિયોથેરાપીસ્ટનો નિઃશુલ્ક નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં ભાવનગર થી પીડિયાટ્રિક ફિઝિયોથેરાપીસ્ટ ડો.કૌશલ ભટ્ટ દ્વારા બાળકોને તપાસવામાં આવ્યા હતા અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યુ હતું. અને પીડિયાટ્રિક ફિઝિયોથેરાપીસ્ટને ક્યારે મળી શકાય જેમકે બાળકનો ધીમો વિકાસ જેમકે બાળક બોલતા,બેસતા કે ચાલતા ન શીખ્યું હોઈ. બાળક પગની એડી ઉંચી રાખીને ચાલે બાળક ચાલે ત્યારે ગોઠણ, ઘૂંટણ પાછળ જાય. બાળક ચાલતું કે દોડતું વારંવાર પડી જાય, બાળકને પેન પકડવામાં ,લખવામાં ભણવાનું સમજવામાં તકલીફ પડે. જિનેટિક રોગોને કારણે ધીમો વિકાસ મણકાની તકલીફો ,સ્કોલીઓસીસ કાયક્રોસીસ વગેરે અને મણકાની જન્મજાત ખોડખાંપણ સહિતની તકલીફો હોઈ ત્યારે પીડિયાટ્રિક ફિઝિયોથેરાપીસ્ટને મળી શકાય તેમ જણાવ્યું હતું. અત્રે ઉલેખનીય છે કે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે ફિઝિયોથેરાપી વિભાગમાં ઘણા વર્ષોથી કાર્યરત છે અને સાવરકુંડલા તથા આજુબાજુના દર્દીઓને ખૂબ સારી સગવડતા મળી રહી છે જેમાં ડો.દેવયાનીબા વાળા, ડો પરિન્દા ગોહિલ, ડો. પૂજા સોલંકી, ડો.વિવેક ગેગડીયા સહિતના કોવિલિફાઈડ ડોકટરશ્રીઓ કાર્યરત છે. આ કેમ્પમાં કુલ ૨૧ બાળકોએ કેમ્પનો લાભ લીધો હતો તેમ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સુપ્રીટેન્ડ ડો.પ્રકાશ કટારીયાએ જણાવ્યું હતું એમ યોગેશ ઉનડકટની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# મીડિયાકર્મીઓને ઑથોરિટી લેટર્સ માટે ITની પહેલ

અમરેલી:મુક્ત, ન્યાયી અને પારદર્શી ચૂંટણીઓ યોજવા માટે મીડિયાની ભૂમિકા મહત્વની છે ત્યારે ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાનના દિવસે કવરેજ અર્થે મતદાન મથકો પર તથા મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ માટે મીડિયાકર્મીઓને ઑથોરિટી લેટર્સ આપવામાં આવે છે. ઑથોરિટી લેટર્સ માટેની ઓફલાઈન પ્રક્રિયામાં મીડિયા કર્મીઓએ મલ્ટીપલ નકલમાં ફોર્મ ભરી જરૂરી પુરાવા સાથે સંબંધિત જિલ્લા કચેરીમાં જમા કરાવવા જવું પડતું હતું. આ સમસ્યાના નિવારણ માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના માર્ગદર્શનમાં મીડિયાકર્મીઓને ઑથોરિટી લેટર્સ આપવા માટેની પ્રક્રિયાને ઑનલાઈન કરવામાં આવી છે.IT પહેલના ભાગરૂપે વિકસાવવામાં આવેલા ઑનલાઈન મોડ્યુલને કારણે હવે મીડિયા કર્મીઓ કોઈપણ જગ્યાએથી ઓનલાઈન અરજી કરી શકશે, સમગ્ર પ્રક્રિયા સરળ, ઝડપી તેમજ પેપરલેસ બનશે.

# હવે રાજકોટમાં સ્કીન, હેર અને લેસરની પણ અત્યાધુનિક સારવાર શરૂ

## ૧૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ સાથે સ્માઈલ પ્લસ ડેન્ટલ એન્ડ એસ્થેટિક હોસ્પીટલ દ્વારા ૭૦૦૦ થી વધુ ડેન્ટલ ઈમપ્લાન્ટ (સ્ક્રૂ) ની સફળ સર્જરી કરાઈ

રાજકોટ:

ખડખડાટ હાસ્ય એ તંદુરસ્તી માટે અકસીર ઔષધ છે. હસવું દરેક વ્યક્તીને ગમે છે પણ ચહેરા પરના હાસ્યને ગ્રહણ લગાડે છે ખરાબ દાંત. છેલ્લા ૧૪ વર્ષથી ૨૧૦૦૦ થી વધુ પરિવારોને સંતોષકારક સારવાર આપી સૌરાષ્ટ્રમાં ૭૦૦૦ થી પણ વધુ ડેન્ટલ ઈમપ્લાન્ટ કરી ચહેરા પરનું સુંદર સ્મિત ફરી લાવવાનું કામ ડો.વિરેન પટેલ, ડો.નિલમ પટેલ અને તેમની સ્માઈલ પ્લસ ડેન્ટલ એન્ડ એસ્થેટિક હોસ્પીટલ ટીમ દ્વારા સફળતા પૂર્વક કરાયું છે. તાજેતરમાંજ ૧૫ વર્ષમાં મંગલ પ્રવેશ કરી હવે સ્કીન, હેર અને લેસરની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ અત્યંત હાઈજેનિક સારવાર શરૂ કરી સ્માઈલ પ્લસ ડેન્ટલ એન્ડ એસ્થેટિક હોસ્પીટલે તેની યશકલગીમાં વધુ એક છોગુ ઉમેર્યું છે. ડો. વિરેન પટેલે જણાવ્યું હતું કે, સ્માઈલ પ્લસ ડેન્ટલ એન્ડ એસ્થેટિક હોસ્પિટલ છેલ્લા ૧૪ વર્ષથી રાજકોટમાં તમામ પ્રકારના પીડારહિત અને કોસ્મેટિક દંત પ્રક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી અત્યાધુનિક ટેકનોલોજી, બાયો-ફ્રેન્ડલી સામગ્રી સાથે ડેન્ટલ હેલ્થકેરના ઉચ્ચતમ ધોરણોનો વર્ષોના અનુભવ સાથે દર્દીઓને શ્રેષ્ઠ ડેન્ટલ હેલ્થ સેવાઓની સંપૂર્ણ શ્રેણી પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે અને દર્દીના ચહેરા પર સતત સ્મિત આપે છે. અહિં દાંત તથા પેઢાના તમામ




રોગોની સારવાર જેમકે, સ્ક્રૂ પધ્ધતિથી ફક્ત ૭૨ કલાકમાં ફિક્સ દાંત, જડબાના એક્સ-રે તથા જડબાના ટી-સ્કેનની સુવિધા, આજીવન ગેરંટીવાળા દાંતના કવર, કેન્સરગ્રસ્ત દર્દીઓને ફિક્સ દાંત, બાળકોના દાંતની સારવારનો અલગ વિભાગ, દુખાવા રહિત મૂળિયાની સારવાર વગેરે માટે સતત ૧૦ નિષ્ણાંત તબીબોની ટીમ ખડે પગે રહે છે.રાજકોટ શહેરમાં હવે પાન એમ્પાયરના બીજા માળે, સિલ્વર હાઈટ્સની સામે, નાના મવા સર્કલ પાસે નવપ્રસ્થાન થયેલ આસ્માઈલ પ્લસ ડેન્ટલ એન્ડ એસ્થેટિક હોસ્પિટલમાં દાંતની સાથે સ્કીન, હેર અને લેસરની અત્યાધુનિક સારવાર શરૂ થતા દર્દીઓને એકજ જગ્યાએ સંપૂર્ણ સારવાર મળી રહેતા ઘણી રાહત થઈ છે. વધુ વિગત માટે ડો. વિરેન પટેલ ૮૭૮૭૭૦૦૭૭ અને ડો. નિલમ પટેલ ૭૫૭૫૮૮૨૨૭૦ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# શ્રી મોજીલા હનુમાનના સાનિધ્યમાં ૧૦૯ કુંડી મહાયજ્ઞનું આયોજન


ગીરગઢડા:

ગીરગઢડા તાલુકાની ધોળી વાવની પાવન ભૂમિ પર શ્રી મોજીલા હનુમાનનાં સાનિધ્યમાં ન ભૂતો ન ભવિષ્યતિ એવાં ૧૦૯ કુંડી



મહાયજ્ઞનું આયોજન થઈ રહ્યું છે ત્યારે આ મહાયજ્ઞનો લ્હાવો લેવો એ પણ સૌભાગ્ય જ ગણાય. કદાચ તમામને માટે એ સમય ન પ્રાપ્ત થઈ શકે, તો કંઈ નહિ પણ તેમના દર્શન માત્રથી ધન્ય થઈ જવાય છે. આ પાવનકારી મહાયજ્ઞનાં દર્શન પણ દુર્લભ છે. ખરેખર આવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા ગીરગઢડાની ભૂમિ પાવન થઈ રહી હોય ત્યારે આ મહાયજ્ઞના દર્શન કાજે પણ ગીરગઢડા ખાતે માનવ મહેરામણ ઉમટશે. અરે ગીરગઢડાના પશુ પક્ષી નર નારી દરેક ખરેખર ધન્ય છે. તો દરેક ધર્મપ્રેમી મિત્રોને આ મહાન સેવાકીય કાર્યમાં યથાશક્તિ અનુદાન અર્પણ કરી આ પાવનકારી મહાયજ્ઞમાં સહભાગી બનવા નમ્ર વિનંતી કરવામાં આવે છે. ફૂલ નહી તો ફૂલની પાંખડી આપનું અનુદાન આ પાવન મંગલકારી યજ્ઞ કાજે અર્પણ કરી સહયોગ આપવા વિનંતી. ટૂંકમાં અહીં કબીર સાહેબની દાન સંદર્ભે એક પંક્તિ ખૂબ જ રૂચિકર છે. પંછી પાની પીને સે ઘટે ના સરિતા નિર, દાન દિયે ધન ન ઘટે સહાય કરે રઘુવીર.

# સેવા પરમો ધર્મ સૂત્રને સાર્થક કરતાં ભૂપતભાઈ પાનસુરિયા



સાવરકુંડલા:

સત્તાનાં નહીં પણ સેવાના માણસ નગરપાલિકા સદસ્ય પતિ ભુપતભાઈ પાનસુરીયા કે જેઓ ૪૦, ૪૧ ડિગ્રી ગરમીમાં પણ પોતાના વિસ્તારના વિકાસ કાર્યો માટે હંમેશા તત્પર હોય છે. જેમનું જીવતું જાગતું ઉદાહરણ કે સાવરકુંડલા શહેરની અંદર ગલીઓમાં બ્લોક સાથે રોડના વિકાસ કાર્યો રઆ કાળઝાળ ગરમીમાં પણ પોતાની દેખરેખ નીચે ગુણવત્તાવાળું કામ થાય તે માટે સતત માર્ગદર્શન આપતાં જોવા મળે છે આમ આવા સેવાના સારથિઓ દ્વારા જ સાવરકુંડલાને સુવર્ણ કુંડલામાં પરિવર્તિત કરી શકાય.

# મતદાર જાગૃત્તિ અભિયાન અન્વયે નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું

અમરેલી:લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે આદર્શ આચાર સંહિતા અમલી છે. સ્થળાંતરિત મતદારોના નોડલ અને અમરેલી જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા અમરેલી સ્થિત ઔદ્યોગિક એકમોમાં મુલાકાત લઈ શ્રમિકોને તથા સંસ્થાના માલિકોને સ્થળાંતરિત મતદારોને મતદાનના દિવસે સવેતન રજા આપવા સહિતની વિગતો આપવામાં આવી છે. નાગરિકોએ મતદાન માટે શપથ લીધા હતા. મતદાર જાગૃત્તિ અભિયાન જિલ્લાના



સાવરકુંડલામાં વસતા બહેનોની મુલાકાત લઈ મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું. જાગૃત્ત મતદાર તરીકે તેમણે મતદાન કરવું અને અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા પૂરી પાડવા અંગે સમજ આપવામાં આવી હતી.

# કલેક્ટર પગપાળા ચાલીને લોકોના ઘર અને ઉંબરા સુધી પહોંચ્યાં

## જિલ્લાના સંવેદનશીલ મતદાનમથકોના વિસ્તારમાં પોલીસની ફ્લેગમાર્ચ યોજાઈ

ઉના:જિલ્લામાં આગામી સમયમાં લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે લોકશાહીના પર્વ એવા ચૂંટણીમા સૌની ભાગીદારી અને હિસ્સેદારી વધે તે માટે તંત્ર દ્વારા વ્યાપક પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.આ સંદર્ભમાં જિલ્લા કલેકટરશ્રી દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા વિશેષ અભિયાનરૂપે વેરાવળ નગરપાલિકા અને વેરાવળની આસપાસ આવેલા વિવિધ ગામોમાં લોકોમાં મતદાન જાગૃતિ વધે તે માટે જાતે રૂબરૂ ઉપસ્થિત રહીને નાગરિકોને લોકશાહીના પર્વમાં ઉત્સાહપૂર્વક ભાગીદાર બનવા અપીલ



કરી હતી.

આજે સવારે વેરાવળ નગરના ટાવરચોક ખાતેથી શરૂ થયેલી આ રેલી વેરાવળ નગરપાલિકા સાથે પ્રભાસ પાટણ, કાજલી, લાટી, કદવાર, ભાલપરા, ડારી, આદ્રી વગેરેમાં ફરી હતી. આ સાથે કલેક્ટરશ્રીના નેતૃત્વમાં જિલ્લા પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારમાં ફ્લેગમાર્ચ કરીને શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે લોકોને અવગત કરાવવામાં આવ્યાં હતાં.

કલેક્ટરશ્રીએ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં જાતે પગપાળા ચાલીને લોકોના ઘર અને ઉંબરા સુધી પહોંચીને લોકશાહીના અભૂતપૂર્વ પર્વ એવા ચૂંટણીમાં અવશ્ય મતદાન કરવા તેમજ પોતાના ઘર અને આસપાસના લોકોને પણ ચૂંટણીની પ્રક્રિયામાં સામીલ થવા માટે સમજણ આપી હતી.

# ઉષામૈયા નર્મદા યાત્રા પૂર્ણ કરી પધારતા સેવક ગણ દ્વારા ભવ્ય સ્વાગત



સાવરકુંડલા:

પ પૂ ઉષામૈયા (શિવ દરબાર આશ્રમ) કાનાતળાવ તા. ૨૭/૧૧/૨૦૨૩ ના રોજ ઓમકારેશ્વર જ્યોતિર્લિંગની પૂજા કરી નર્મદા યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો ત્યારે બાદ તા. ૩૧/૩/૨૦૨૪ના રોજ માલસર ખાતે નર્મદાજીનો ચૂંદડી મનોરથ કરી યાત્રા પૂર્ણ કરી સવરકુંડલા ખાતે પધારતા સદ્દભાવના ગ્રુપ તથા આશ્રમ પ્રેમી સેવક ગણ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું તથા સદ્દભાવના ગ્રુપ દ્વારા "પૂ ઉષામૈયા" ને ગૌદાનના રૂ. ૧,૩૫,૨૩૯ (એક લાખ પાત્રીસ હજાર બસો ઓગણલીસ) અર્પણ કરવામાં આવ્યાં હતાં. સદ્દભાવના ગ્રુપ દ્વારા (શિવ દરબાર આશ્રમ) કાનાતાળવ ગૌશાળા માટે દર વર્ષે ધુળેટી પર ગૌદાન ઉઘરાવવામાં આવે છે, જેની વર્ષ ૨૦૨૩/૨૪ ની (૨ વર્ષ )ની ગૌ દાનની રકમ પૂ ઉષામૈયાને અર્પણ કરવામાં આવી હતી.

# રાજકોટ આરટીઓને વાહન નોંધણીથી ૨૦૨૩-૨૪માં કરોડની આવક વધી

## નાણાકીય વર્ષમાં ૧.૧૩ લાખ વાહનોનું વેચાણ થતા આવક રૂા.૨૦૨ કરોડને આંબી

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં નવા વાહોનોની ખરીદી સતત વધી રહી છે અને તેનાથી આરટીઓની કામાણીમાં પણ ગત વર્ષ કરતા આસમાની વધારો થયો છે. રાજકોટ જિલ્લામાં ૨૦૨૩-૨૪ના વર્ષમાં ૧.૧૩ લાખ વાહોનોનું વેંચાણ થતા રાજકોટ આરટીઓને રૂ.૩૧ કરોડની વધારાની આવક થઈ છે. રાજકોટ આરટીઓના સુત્રોના જણાવ્યા મુજબ ૨૦૨૩-૨૪ના વર્ષમાં ગત વર્ષ કરતા રૂ.૩૧,૨૩,૬૫,૯૫૪ના વધારા સાથે રૂ.૨,૦૨,૮૫,૮૭,૮૩૬ની આવક થઈ છે. જ્યારે ગત વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧,૭૧,૬૨,૨૭,૮૮૨ની આવક નોંધાઈ હતી. રાજકોટ જિલ્લામાં સતત વાહનોના વેંચાણમાં વધારો થઈ રહ્યો છે.

આરટીઓમાં ૨૦૨૩-૨૪ના વર્ષમાં ૧,૧૩,૨૨૦ વાહનોનું આરટીઓમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. જેમાં બાઈક ૭૩,૯૮૨, થ્રિ-વ્હીલર ૪૭૩૧, એમ્બ્યુલન્સ ૪૦, ફોર વ્હીલર ૨૩,૫૭૬, બસ ૨૪૦, પાઈવેટ સર્વિસ માટે ૨૭, ટ્રેકટર અને ટ્રોલી ૫૮૨૯, કન્ટ્રક્શન વ્હીકલ ૪૭૬ અને એડેપ્ટેડ ૧૧૩ વાહનોનો સમાવાશે થાય છે. ઉપરાંત ઈલેક્ટ્રીક વાહનો પણ નોંધાયા છે. તેમાં ટુ-વ્હીલર ૫૯૬૬, ફોર વ્હીલર ૪૧૫, થિ-વ્હીલર ૨૪૮, બસ ૫૦, ગુડસ ૨૫ અને અડેપટીવ ૨ વાહનની નોંધણી થઈ છે. રાજકોટ આરટીઓને પસંદગીના નંબર મેળવવા માટે પણ બમ્પર આવક થઈ છે. જેમાં ૨૯૪૨૨ વાહન માલિકોનો સમાવેશ થાય છે. પસંદગીના નંબર મેળવવા માટે ૨૯૪૨૨ વાહનોના માલિકો દ્વારા ઓનલાઈન લીડમાં ભાગ લેવામાં આવ્યો હતો જેમાં આરટીઓને રૂ.૧૫.૩ કરોડની આવક થઈ છે અને આ આવકમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે.

# રાજકોટના બામણબોરનાં જીવાપરમાં દિપડાએ વધુ એક મારણ કર્યુ



રાજકોટ જિલ્લાનાં બામણબોર નજીકથી બે દિવસ પહેલા જ એક દિપડો પાંજરે પુરાયો હતો.ત્યાં ફરી વધુ એક દિપડાએ બામણ બોર પાસેનાં જીવાપર ગામે ધોરીયા મનહરભાઈ અને દિલીપભાઈની વાડીમાં ગત મોડી રાત્રે ત્રાટકી વાછડાનું મારણ કરતા ફરી આ વિસ્તારમાં ફફડાટની લાગણી જન્મી છે. આ અંગે વનવિભાગના અધિકારી વિશાલભાઈ, ડાંગરને જાણ કરાતા તેઓએ તાત્કાલીક તપાસ હાથધરી હતી.આ તકે ગ્રામજનોએ અહીયા પાંજરૂ ગોઠવવા વન વિભાગને જાણ કરી હતી

# રાજકોટના વીર સાવરકરનગરમાં અપશબ્દો બોલવાની ના પાડતાં મહિલા પર પાડોશી દંપતિનો હુમલો

રાજકોટ,

રાજકોટના વીર સાવરકર નગરમાં ગાળો બોલવાની ના પાડતાં મહિલા પર પાડોશી દંપતિએ લાકડીથી હુમલો કરતાં તેણીને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાઈ હતી. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે કાલાવડ રોડ પર વીર સાવરકર નગરમાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં રહેતાં નીતાબેન રાજુભાઈ ભરાડીયા (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે માધવીબેન ખીમસૂરિયા, વિજય ખીમસૂરિયા (રહે.મુખ્યમંત્રી આવાસ યોજના વીર સાવરકર નગર બ્લોક નં. ૬૦૬) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ગઈકાલે સાંજના સાતેક વાગ્યાની આસપાસ તેમના પુત્ર અવિનાશ સાથે ધરે હતા ત્યારે નીચેના માળે રહેતા માધવીબેન એકાદ કલાકથી બોલતા હતા કે, ઉપર ના માળ વાળા કચરો નાખે છે

તેમ કહી ગાળો બોલતા હતા જેથી તેને ગાળો બોલવાની ના પાડતા થોડીવારમાં આ માધવીબેન અને તેનો પતિ વિજય ધર પાસે ધસી આવી ઝધડો કરવા લાગેલા હતા અને વીજયએ લાકડી ફટકારતાં હાથમાં ઈજા પહોંચી હતી. બાદમાં બંને પતિ-પત્નિએ ઝધડો કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપીને નાસી છૂટ્યા હતાં. બાદમાં તેણીને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફતે સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# રાજકોટના જારીયા ગામે ગૃહકલેશથી કંટાળી યુવાનનો ઝેરી દવા પી આપઘાત

રાજકોટ,

રાજકોટનો ભાગોળે આવેલ જારીયામાં ગૃહકલેશથી કંટાળી મુકેશ ચાવડા નામના યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતાં.

પ્રાપ્ત વિગત મુજબ, જારીયા ગામમાં રહેતાં મુકેશભાઈ ખીમજીભાઈ ચાવડા (ઉ.વ.૩૬) ગઈ રાતે ૯ વાગ્યે પોતાના ઘરે હતાં ત્યારે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી.

વધુમાં યુવાને જણાવ્યું હતું કે, તે મજૂરીકામ પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેમના દસ વર્ષ પહેલાં કોટડાસાંગાણીના ખોખરી ગામની યુવતી સાથે લગ્ન કર્યા હતાં. તેઓને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. છ મહિના પહેલાં યુવકના પિતાનું અવસાન થયાં બાદ તેની પત્ની અલગ રહેવાં જવા માટે દબાણ કરી દરરોજ ઝઘડો કરતી હતી. જેથી કંટાળીને અગાઉ પણ બે વાર તેને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બાદ થોડા દિવસથી તેની પત્ની આપઘાત કરવાનો ધમકી આપતી હોવાથી તેને અંતે કંટાળીને પગલું ભર્યું હતું. બનાવ અંગે પોલીસે તપાસ યથાવત રાખી છે.

# જુનાગઢના વિલીંગ્ડન ડેમમાંથી અજાણ્યા યુવકની લાશ મળી : મૃતકની ઓળખ તજવીજ



જૂનાગઢ

રાજકોટ શહેરના વિલીંગ્ડડન ડેમમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવતા પોલીસે ઓળખ મેળવવા માટે તપાસ હાથ ધરી છે.?

વિલીંગ્ડસન ડેમમાં બુધવારે સાંજે માનવ લાશ? તરતી હોવાની જાણ થતાં ભવનાથ પોલીસનો સ્ટોફ દોડી ગયો હતો. અને મનપાના ફાયર બ્રિગેડના સ્ટાફ ની મદદથી મૃતદેહને ડેમના પાણીમાંથી બહાર કાઢી પોસ્ટદ મોર્ટમ માટે મોકલી આપ્યોઅ હતો. પ્રાથમિક તપાસમાં યુવકની ઉંમર ૩૦ થી ૩૫ વર્ષની હોવાનું જણાયું હતું. લીલા રંગનું ટીશર્ટ અને બ્લુ કલરનું પેન્ટ પહેરેલ યુવાન પાસેથી કોઈપણ પ્રકારની ઓળખ અંગેની નિશાની કે અન્ય ચીજ વસ્તુ મળી આવી ન હતી.?

ભવનાથ પોલીસે મૃતક યુવાનની ઓળખ મેળવવા માટે મૃતદેહના ફોટા સોશિયલ મીડિયા પર મૂકી આગળની તપાસ હાથ ધરી છે.

# ગોંડલમાં ઈકોમાં ગેસનો બાટલો ફાટતાં દાઝી ગયેલા બાઈક ચાલક યુવાનનું મોત

રાજકોટ,

ગોંડલમાં માર્કેટ યાર્ડ પાછળ શિવમ પાર્ક રેસીડેન્સી કિશન અશ્વિનભાઈ અગ્રાવત (ઉ.વ.૧૯) નામના યુવાને સાંજે સાતેક વાગ્યેમ અનીડા ભાલોડી ગામના હાઈવે પરથી હોન્ડાગ હંકારી પોતાના ઘરે જતો હતો ત્યાજરે આગળ જઈ રહેલી ઈકો કારનો ગેસનો બાટલો ફાટતાં આગ ભભૂકતા પાછળ આવી



રહેલો કિશન ગંભીર રીતે દાઝી જતાં રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જેનું સારવાર દરમિયાન બપોરે મોત નિપજ્યું હતું. મૃત્યું પામનાર બે ભાઈમાં નાનો હતો અને અનીડા ભાલોડી ગામે નોકરી કરતો હતો. નોકરી પુરી કરી ઘરે જતો હતો. તાજેતરમાં જ ધોરણ બારનો અભ્યાીસ પુરો કરી આઈટીઆઈ પણ કરતો હતો. પિતા હયાત ન હોઈ તે પરિવારનો આધાર સ્તંભ હતો. રાજકોટ પોલીસે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી.

# રાજકોટના અમીનમાર્ગ પર કોલેજની છાત્રાઓ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

રાજકોટ,

રાજકોટના અમીન માર્ગ પર મેડીકલ કોલેજની છાત્રાએ ભણતરના ભારથી કંટાળી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં સીવીલ હોસ્પિટલે ખસેડાઈ હતી. પ્રાપ્ત વિગત મુજબ, રૈયા રોડ પર વિદ્યુતનગર સોસાયટીમાં રહેતી ૨૦ વર્ષીય નૂપુર મહેશભાઈ વાઘેલા નામની યુવતીએ આજે બપોરે અમીન માર્ગ પર ટી પોસ્ટની બાજુમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પીટલમાં ખસેડાઈ હતી. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

વધુમાં મળેલ વિગત મુજબ યુવતી પીડીયુ મેડીકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં તબીબીનો અભ્યાસ કરે છે અને એક ભાઈ-બહેનમાં મોટી છે તેમજ તેના પિતા મહેશભાઈ શિક્ષક તરીકે નોકરી કરે છે. ઉપરાંત યુવતીને મેડીકલ અભ્યાસથી કંટાળી ગઈ હોવાથી પગલુ ભર્યાનું પ્રાથમીક તારણ બહાર આવ્યું હતું. બનાવ અંગે પોલીસે તપાસ યથાવત રાખી છે.

# જસદણ, વીંછિયા તાલુકાની વિવિધ શાળાઓમાં બાળકોને મતદાન અંગે જાગૃત કરાયા

રાજકોટ,

લોકશાહીના સૌથી મોટા પર્વ ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ પ્રયાસો કરી રહ્યું છે. આગામી સમયમાં લોકસભાની ચૂંટણી - ૨૦૨૪નો સૌથી મોટો અવસર આવી રહ્યો છે. આગામી તારીખ ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા સીટો પર મતદાન થશે. ગત ચૂંટણી કરતા આ વખતે મતદાનની ટકાવારી વધે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે દેશવાસીઓને લોકસભા ચૂંટણી અન્વયે મતદાન અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

જેના ઉપક્રમે અધિક કલેકટરશ્રી અને સ્વીપના નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર અને તેની આસપાસના તાલુકાઓમાં આવેલી વિવિધ શાળાઓમાં બાળકોને મતદાન વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે. ત્યારે જસદણ, વીંછિયા અને કોટડાસાંગાણી તાલુકાઓની શાળાઓમાં બાળકોને મતદાન બુથ વિશે જાણકારી આપવામાં આવી હતી અને ચૂંટણી કાર્યપ્રણાલી વિશે નાટ્ય રૂપાંતરણ કરીને મતદાન વિશે સમજાવ્યું હતું.જેમાં જસદણની ડી.એસ.વી.કે. હાઈસ્કૂલ, વીંછિયાની ઓમકાર શૈક્ષણિક શાળા તેમજ કોટડાસાંગાણીની મહારાણા પ્રતાપ વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને મતદાન વિશે માહિતી આપી જાગૃત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ પણ ભવિષ્યમાં અચૂક મતદાન કરવા જશે, તેવી પ્રતિજ્ઞા લેવડાવી હતી. ઓમકાર શૈક્ષણિક સંકુલના આચાર્યશ્રી અશ્વિનભાઈ હરીપરાએ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત તમામ વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સંપૂર્ણ જાણકારી મેળવી હતી.

# રાજકોટના સગીરા ઉપરના દુષ્કોર્મના કેસમાં આરોપીને કુદરતી મોત સુધીની સજા

રાજકોટ,

રાજકોટની સગીરાનું અપહરણ કરી દુષ્કુર્મ આચરવાના પોકસો એકટના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપીને છેલ્લા શ્વાસ સુધીની આજીવન કેદની સજા અને રૂ.૫૨ હજારનો દંડ અને દંડની રકમમાંથી ૫૦ ટકા રકમ ભોગ બનનારને ચૂકવવા તેમજ વીસી સ્કીમ મુજબ ભોગ બનનારને રૂ.૩ લાખનું વળતર ચૂકવવા કોર્ટે હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ રાજકોટમાં માધાપર નજીક રહેતા પરિવારની ૧૫ વર્ષની સગીરાનું અપહરણ થયાની પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જે ફરિયાદના આધારે પોલીસ તપાસ દરમિયાન ભોગ બનનાર સગીરા ધ્રોલના ફતેહપુરાના મોહસીન રહીમભાઈ મકવાણા સાથે મળી આવી હતી. સગીરાની પૂછપરછમાં આરોપીએ સગીરાને મોરબી ખાતે લઈ જઈ અવારનવાર તેણીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધ્યા હોવાનું નિવેદન નોંધાવ્યુંમ હતું જેથી તપાસ અધિકારી દ્વારા આરોપી વિરુદ્ધ આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યોન હતો. જે કેસમાં આરોપી સામે પૂરતો પુરાવો મળતા તપાસ અધિકારી દ્વારા પોકસો કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યુંર હતું. જે કેસ ચાલવા ઉપર આવતા સરકારી વકીલ દ્વારા ૧૫ જેટલા દસ્તારવેજી પુરાવા રજૂ કરવા આવ્યાઆ હતા આ ઉપરાંત બંને પક્ષના વકીલો દ્વારા કરવામાં આવેલી રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચમ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ પોકસો કોર્ટે આરોપી મોહસીન મકવાણાને તકસીરવાન ઠરાવી છેલ્લા શ્વાસ સુધીની આજીવન કેદની સજા અને રૂ.૫૨ હજારના દંડમાંથી ૫૦ ટકા રકમ ભોગ બનનારને ચૂકવવા તેમજ વીસી સ્કીજમ ૨૦૧૯ મુજબ ભોગ બનનારને રૂ.૩ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ મહેશભાઈ જોષી રોકાયા હતા.

# રાજકોટના નવાગામમાં યુવાનનું હાર્ટ એટેકથી મોત

રાજકોટ,

રાજકોટ શહેરના કુવાડવા રોડ પર નવાગામ રંગીલા સોસાયટીમાં શિતળા માતાના મંદિર પાસે રહેતાં સુરેશભાઈ ચંદુભાઈ મકવાણા (ઉ.વ.૪૬) સવારે ઘરે હતાં ત્યાપરે છાતીમાં દુઃખાવો ઉપડતાં ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંચથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાંનું તબિબે જાહેર કરતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.હાર્ટએટેક આવી



ગયાનું પરિવારજનોએ કહ્યું હતું. મૃત્યુા પામનાર સુરેશભાઈ પાંચ ભાઈ અને એક બહેનમાં બીજા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે વાળંદ કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાટફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી.

# જસદણના નવાગામમાં પુત્રવધૂને બચાવવા વચ્ચે પડેલ સસરા ઉપર પાઈપથી હુમલો

રાજકોટ,

જસદણના નવાગામમાં પુત્રાવધૂને બળજબરીથી લઈ જતા વચ્ચે પડેલ સસરા ઉપર ૪ શખ્સોએ પાઈપથી હુમલો કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ જસદણના નવાગામે રહેતા જસમતભાઈ નાનજીભાઈ મેટાળીયા (ઉ.વ.૫૦) ઉપર તેના ભત્રીજા રાહુલ હરજીભાઈ મેટાળીયા રે. નવાગામ તથા ત્રણ અજાણ્યા શખ્સોએ લોખંડના પાઈપથી હુમલો કરી ઈજા કરી હતી. ઈજાગ્રસ્ત જસમતભાઈના પુત્ર ભૂપતની પત્ની નયના આરોપી રાહુલ સાથે બે વર્ષ પહેલા અને છ માસ પૂર્વે જતી રહેલ બાદમાં નયના પતિના ઘરે આવી જતા રાહુલ તથા ત્રણ અજાણ્યા શખ્સો સફેદ કલરની કારમાં આવી નયનાને બળજબરીથી લઈ જતા સસરા જસમતભાઈ વચ્ચે પડતા ઉકત ચારેયને પાઈપથી હુમલો કર્યો હતો.

આ અંગે જસમતભાઈએ તેના ભત્રીજા રાહુલ તથા ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ કરતા જસદણ પોલીસે આઈપીસી ૩૫૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪ મુજબ ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# રાજકોટ જિલ્લામાં લોકસભાની ચૂંટણી અન્વયે લોકોને મતદાન માટે જાગૃત કરાયા

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે સ્વીપ નોડલ ઓફિસરશ્રી જીજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન હેઠળ ઠેર-ઠેર લોકોને મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યાં છે. ત્યારે ૬૮ - રાજકોટ પૂર્વ વિધાનસભા મતદાર વિભાગમાં જિલ્લા પુરવઠા અધિકારી અને મામલદારની સૂચના મુજબ ૫૦% કરતા ઓછું મતદાન થયેલુ હોય, તે પૈકી વોર્ડ નંબર ૧૫ ખાતે જય હિંદનગર અને ભારતનગર વિસ્તારમાં વોર્ડ ઓફિસરશ્રી દ્વારા, મવડી વિસ્તારના ભાગ નંબર ૪૦ના બૂથમાં તેમજ ૭૩ - ગોંડલ શહેરના ભાગ નંબર ૬૬ તથા ૬૯માં સિદ્ધિ વિનાયક મંદિર ખાતે યોજાયેલી ભાગવત કથામાં "મતદાન જાગૃતિ" કાર્યક્રમ યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામને મતદાન વિશે સમજૂતી આપીને ચૂંટણીમાં અચૂક મતદાન કરવા તથા કરાવવા માટે અપીલ કરવામાં આવી હતી. તેમજ ૬૬ - ટંકારા વિધાનસભા મતદાન વિભાગમાં આવેલી ઓરપેટ કન્યા વિદ્યાલય ટંકારા ખાતે રંગોળી સ્પર્ધા યોજાઈ હતી અને સ્પર્ધાના માધ્યમથી વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ઈરાન ઈઝરાઇલ વચ્ચે તંગદિલી

ઇઝરાઇલ અને ઈરાન વચ્ચે તનાવ વધી રહયો છે બંને વચ્ચે ક્યારે યુદ્ધ ફાટી નીકળે તે કહી શકાય તેમ નથી ઇઝરાઇલ એરિયામાં ઈરાનના દુખાવાસ પર મિસાઈલ થી હુમલો કર્યો હતો જેમાં ઈરાનના બે જનરલ સહિત આઠ લોકોના મોત થતા ઈરાન હવે વળતો પ્રહાર કરવા માટે સજ્જત થયું છે ઈરાનના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે સોમવારે બેઠક યોજી અને ઇઝરાઇલ પર જવાબી હુમલા કરવાનો પ્લાન ઘડવામાં આવ્યો છે ઈરાને પણ વળતા હુમલા ની તૈયારી શરૂ કરી દીધી છે અને બદલો લેવાની ધમકી આપતા પરિસ્થિતિ ભયંકર રીતે વણસી રહી છે

આ હુમલામાં માર્યા ગયેલા ઇરાન ના જનરલે હિજબુલ્લા અમાસ અને ઉર્થી જેવા આતંકી સંગઠનોને ઇઝરાઇલ સામે લડવામાં બહુ મદદ કરી હતી.

ગાઝામાં યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે ઈરાન સમગ્ર મધ્ય પૂર્વમાં જે ભૂમિકા ભજવે છે તેના તરફ વિશ્વનું ધ્યાન આકર્ષાયું છે. ઇઝરાયલ-ગાઝા સંઘર્ષમાં ઈરાન હમાસને ટેકો આપે છે. તેણે ઇરાક, સીરિયા તથા પાકિસ્તાનમાં હુમલા કર્યા છે અને તેનાં શસ્ત્રોનો ઉપયોગ રશિયા દ્વારા યુક્રેન સામે કરવામાં આવી રહ્યો છે. લેબનોનમાંથી ઇઝરાયલ પર હુમલો, જોર્ડનમાં અમેરિકન દળો પર ડ્રોન હુમલો અને રાતા સમુદ્રમાંનાં પશ્ચિમી જહાજો પર યમનમાંથી હુમલો, જોકે, આ બધા મધ્ય પૂર્વમાંના કેટલાક હુમલાઓમાં પોતાની પ્રત્યક્ષ સંડોવણીનો ઈરાન સતત ઇનકાર કરતું રહ્યું છે, પરંતુ ઈરાન સમર્થિત જૂથોએ આ હુમલાઓની જવાબદારી લીધી છે.

સવાલ એ છે કે આ જૂથો કોણ છે અને આ સંઘર્ષોમાં ઈરાન કેટલી હદે સંડોવાયેલું છે. તે સૌ કોઈ જાણે છે આ સંઘર્ષોમાં તે વારંવાર સંકળાતું રહે છે.

ઈરાન તેની સીધી સંડોવણીનો સતત ઇનકાર કરતું હોવા છતાં તહેરાન ૪૫ વર્ષ પહેલાંની દેશની ક્રાંતિ પછી ચરમપંથી જૂથોને ટેકો આપતું રહ્યું છે. એ જૂથો ૧૯૮૦ના દાયકાની શરૂઆતથી દેશની રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચનાનો મહત્ત્વનો હિસ્સો બન્યાં છે.

ઈરાનની રાજધાની તહેરાનમાં લગભગ એક વર્ષથી બંધક બનાવવામાં આવેલા પર અમેરિકન રાજદ્વારી અધિકારીઓને મુક્ત કરાવવા માટે વૉશિંગ્ટનમાં જીમી કાર્ટર વહીવટી તંત્ર તલપાપડ હતું અને ઈરાનને શિક્ષા કરવી જોઈએ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું પાડી દેવું જોઈએ તેવો મત પ્રવર્તતો હતો. તેને પગલે અમેરિકા અને પશ્ચિમના સાથી દેશો ઇરાકની તરફેણ કરવા લાગ્યા હતા. ઇરાકમાં એ વખતે, ૧૯૭૯થી ૨૦૦૩ સુધી સદ્દામ હુસૈનનું શાસન હતું. એ પછી ઇરાક અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું હતું તથા તે ૧૯૮૦થી ૧૯૮૮ સુધી ચાલ્યું હતું. ઇરાક અને ઈરાન બન્ને યુદ્ધવિરામ માટે સહમત થવાની સાથે તેનો અંત આવ્યો હતો, પરંત બન્ને દેશોમાં મોટા પાયે ખુવારી થઈ હતી. લગભગ ૧૦ લાખ લોકો માર્યા ગયા હતા અથવા ઘવાયા હતા અને ઈરાનનું અર્થતંત્ર ખેદાનમેદાન થઈ ગયું હતું.

તેના પરિણામે ઈરાનના ટોચના અધિકારીઓમાં એવો વિચાર આકાર પામ્યો હતો કે તહેરાને બૅલેસ્ટિક મિસાઇલ પ્રોગ્રામ અને પ્રોક્સી નેટવર્કના વિકાસ સહિતનાં વિવિધ માધ્યમો મારફ્ત ભવિષ્યમાં કોઈ પણ આક્રમણને ખાળવા સક્ષમ બનવું જરૂરી છે. એ પછી અમેરિકાના વડપણ હેઠળ અફઘાનિસ્તાન (૨૦૦૧) અને ઇરાક (૨૦૦૩) પર કરવામાં આવેલા આક્રમણ તેમજ સમગ્ર આરબ વિશ્વમાં ૨૦૧૧ પછી થયેલા વિવિધ બળવાને લીધે ઉપરોક્ત વિચાર દૃઢ બન્યો હતો.

## આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના



ફ્રાઇડે ફોટો સ્ટોરી

- ચિરાગસિંહ પરમાર

વાસંતી વૈભવ : પાનખર પૂર્ણ થતા જ ઋતુઓના રાજા વસંતનું આગમન થાય છે. સદાબહાર વસંતનો અસલી વૈભવતો વનવગડામાં જોવા મળે છે. વાસંતી વાયરાથી નિશ્ચેતન વગડામાં જાણે નવો જ પ્રાણ ફૂંકાય છે. ફાગણનો પ્રારંભ થતા જ રંગબેરંગી ફૂલોથી ભરપૂર વૃક્ષો કોઈ નવોઢાએ શણગાર સજ્યો હોય એમ પ્રકૃતિને સોળે શણગાર સજી દે છે. ભાવનગર - તળાજા નેશનલ હાઈવે પર બોગનવેલ અને કરેણ પર આવેલા રંગબેરંગી પુષ્પો રુપી ખીલેલી વસંત જોતા જ કવિ શ્રી મનોજ ખંડેરિયાની રચના યાદ આવે...

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલોએ બીજું કૈં નથી, પગલાં વસંતના.

# મને કાંઈ ન થાય - આ એક વહેમને કાયમ માટે છોડીએ

## હીટ-વેવ અને હાર્ટ એટેક-સ્ટ્રોકથી બચવા જાતે જ કાળજી લેવી રહી

કાળઝાળ ઉનાળો તપી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ત્રણેક દિવસથી આપણે અસહ્ય ગરમી અને બફારાનો અનુભવ કરી રહ્યા છીએ. આ સ્થિતિ હૃદય માટે કેવી અને કેટલી જોખમી છે એની થોડી વાત. છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં ત્રણસો જેટલા મૃત્યુ આ કારણે થયાના અહેવાલો પણ અખબારમાં છપાયા છે. સામાન્ય રીતે આપણી સમજ એવી છે કે શિયાળામાં અતિશય ઠંડીને કારણે લોહીનું વહન કરતી નળીઓ (બ્લડ વેસલ્સ) સંકોચાઈ જવાથી હાર્ટ એટેક આવતો હોય છે. આ જરાય ખોટી માહિતી નથી. પણ આને કારણે આપણને એક વિચાર એવો આવે કે તો પછી ઉનાળામાં તો આ બ્લડ વેસલ્સ પહોળી થતી હશે અને હૃદયને વધુ લોહી મળતું હશે ને!

શરીર વિજ્ઞાનની દૃષ્ટિએ આ વિચાર તાર્કિક છે પણ સંપૂર્ણ સત્ય નથી. શું કામ? એ સરળ રીતે સમજીએ. માનવશરીર સામાન્ય સંજોગોમાં પોતાનું તાપમાન ૯૮.૬ ડિગ્રી ફેરનહીટ (એટલે કે ૩૭ ડિગ્રી સેલ્સિયસ) રાખવા સતત પ્રયત્ન કરતું હોય છે. આ આપણું નોર્મલ બોડી ટેમ્પરેચર છે. શરીરનું તાપમાન જ્યારે આ નોર્મલ રેન્જમાં હોય ત્યારે શરીરની તમામ ક્રિયાઓ એકસુત્રમાં બંધાઈને ચાલતી હોય. આવા વખતે હૃદય, ફેફસાં, કિડની વિગેરે સામાન્ય સ્થિતિમાં કાર્યરત હોય અને શરીરની ચયાપચય (એટલે કે મેટાબોલિઝમ) ની પ્રક્રિયા પણ એકદમ સામાન્ય હોય.

હવે વાત કરીએ હીટ-વેવનીપ..તો જ્યારે અચાનક બહારનું તાપમાન, તડકો અને બફારો ખૂબ વધે છે (એટલે કે વાતાવરણનું તાપમાન ૪૨ ડિગ્રીથી ઉપર જવા માંડે અને વાતાવરણમાં ભેજ એટલે કે હ્યુમિડીટીનું પ્રમાણ પણ બહુ વધારે હોય) ત્યારે માનવશરીર એને અનુરૂપ થવા અનેક રીતે વધારાની જહેમત ઉઠાવે છે. જેમ કે શરીરને ઠંડું રાખવાના ભાગરૂપે અતિશય પરસેવો વળેપ.હવે આ પરસેવો થવાને કારણે શરીરમાંથી પાણી ઓછું થાય અને એટલે ડીહાઇડ્રેશનની અસરો ઘટાડવા શરીર આપોઆપ ચામડી (સ્કિન) તરફ જતી બ્લડ વેસલ્સને પહોળી કરે જેથી વધારે પ્રમાણમાં લોહી સ્કિન સુધી પહોંચે. આપણે જાણીએ છીએ કે શુધ્ધ લોહી શરીરના દરેક અંગો સુધી પહોંચાડવાનું કામ આપણું હૃદય કરે છે, એટલે સ્વાભાવિક છે કે હૃદય પર વધુ લોડ આવવાને કારણે હૃદયના ધબકારા વધે.

સામાન્ય દિવસોમાં હૃદય જે કામ કરતું હોય એ કરવા માટે આવા ગરમી અને બફારાના દિવસોમાં બમણી મહેનત કરવી પડે. આ માટે વધારાના ઓક્સિજનની જરૂર પડે એટલે ફેફસાંએ પણ પોતાની ક્ષમતા

કરંટ ટોપિક

વધારવી પડે. શરીરના તાપમાનને નિયંત્રિત રાખવા ચયાપચયની ક્રિયા પણ વધુ મહેનત સાથે હાથ ધરવી પડે એના પરિણામે હૃદય પર વધુ ને વધુ લોડ આવતો રહે. શરીર પોતાનું તાપમાન નીચું લાવવા રક્તવાહિનીઓને ફેલાવે જેને કારણે હૃદયના ધબકારાનો વેગ વધતો ચાલે. હૃદયના ધબકારા વધવાથી લોહીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં ન પહોંચે અને એને કારણે બ્લડપ્રેશર અચાનક અસામાન્ય રીતે ઘટી જાય. આના શરૂઆતના લક્ષણોમાં અતિશય પરસેવો થવો, નબળાઈ લાગવી, માથાનો દુ:ખાવો, નાડી (પલ્સ) તેજ થવી, ધબકારા વધતા અનુભવવા, ઉલ્ટી-ઉબકા આવવાપવિગેરે હોય છે.

આવું અનુભવાય ત્યારે જ ચેતી જવું બહુ જરૂરી હોય છે. યાદ રાખોપતમારું શરીર તમને આ બધા સિગ્નલ સતત આપતું જ હોય છે. પણ આપણા સ્વભાવમાં રહેલી બેદરકારી, નિષ્કાળજી, બેફિકરાઈ જ આપણને મુશ્કેલીમાં મૂકતા હોય છે. ઉપર જણાવેલ લક્ષણો અનુભવાયા પછી પણ આપણે તડકામાં કે ગરમી અને ભેજ મિશ્રિત વાતાવરણમાં રહીએ છીએ ત્યારે હૃદયની મર્યાદા આવી જવાથી શરીરને પૂરતું લોહી મળવાનું બંધ થવાથી વ્યક્તિને ચક્કર આવે છે અથવા ઘણીવાર અચાનક બેભાન થઈને પડે છે અમુક કિસ્સામાં (ખાસ તો હૃદયની કે બ્લડ પ્રેશરની જૂની બીમારી હોય, ૭૦ થી વધુની વય હોય અથવા કોઇ નાનું બાળક હોય) આવે વખતે હૃદય પોતાનાથી બનતા પૂરતા પ્રયત્નો કર્યા પછી હથિયાર હેઠા મૂકી દે છે, જેને આપણે હાર્ટ એટેક (SCA - Sudden Cardiac Arrest) તરીકે ઓળખીએ છીએ. અત્યારે બની રહેલા કેટલાક કમનસીબ કિસ્સાઓ આનું જ પરિણામ છે.

આવું ન થાય એ માટે શું કરી શકીએ?....

૧. મને કાંઈ ન થાય - આ એક વહેમને કાયમ માટે છોડીએ. શરીરની ફિઝિયોલોજી કુદરતી છે. એને આપણી તંદુરસ્તી, સ્વભાવ, નિયમિતતા વિગેરેથી થોડીઘણી કેળવી શકાતી હોય છે પણ એનો અર્થ એ નથી કે એ વિપરીત સંજોગોમાં પણ આપણને સાથ આપે જ. (આમ તો ઉપર દર્શાવેલી તમામ શારીરિક પ્રક્રિયા આપણને બચાવવા જ થઈ હોય છે, પરંતુ સમયસર ચેતી ન જવાને પરીણામે કમનસીબ અંજામ ભોગવવાનો આવે છે)

૨. જ્યારે જ્યારે આવા હીટ-વેવની શક્યતા હોય ત્યારે તડકામાં ખાસ તો સવારે ૧૧ થી બપોરે ૩ વાગ્યા સુધીના સમયગાળામાં બહાર નીકળવાનું ટાળવું. જરૂરી જ હોય તો બંધ વાહનમાં અથવા ટોપી/છત્રી/ચશ્મા/શરીર ઢાંકે એવા સુતરાઉ વસ્ત્રો સાથે નીકળવું. આવે વખતે સનસ્ક્રીનનો ઉપયોગ કરવો તથા પીવાનું પાણી સાથે રાખવું.

૩. આ સમગ્ર શારીરિક ઘટનાક્રમ સરવાળે તો શરીરમાંથી પાણી ઓછું થવાને કારણે થતો હોવાથી ખૂબ પાણી પીવાનું રાખવું (કિડનીના અને હૃદયરોગના દર્દીઓએ આ બાબતે પહેલા પોતાના ડોકટરની સલાહ લેવી). કોઈપણ સંજોગોમાં શરીરને hydrated રાખવું એ આ પરિસ્થિતિનો સામનો કરવાનો ઉત્તમ અને એકમાત્ર ઈલાજ છે એ યાદ રાખવું. આમ તો સાદું પાણી પૂરતું છે પણ શરીરને જરૂરી અમુક ીક્ષ્નીષ્ઠંક્ષ્નિઓીજ પણ પરસેવાસ્વરૂપે બહાર નીકળી જતા હોવાથી ફ્રૂટ જ્યુસ, લીંબુપાણી, નારિયેળપાણી, ડાઇલ્યુટ કરેલા સ્ક્વોશ, દૂધ, ચા કોફી (મર્યાદિત પ્રમાણમાં) લઈ શકાય.

૪. આવા સમયે આલ્કોહોલિક પીણાંઓથી દૂર રહેવું કારણ કે એ સરવાળે dehydration માટે જવાબદાર નીવડે છે.

૫. પ્રમાણમાં ઠંડો (વાસી નહીં હોં) ખોરાક લેવાનું રાખવું. ખાસ તો સલાડ અને ફ્રૂટ લેવા કેમ કે એમાં પાણીનું પ્રમાણ વધારે હોય અને સાથોસાથ શરીરને જરૂરી વિટામિન અને અન્ય પોષક દ્રવ્યો એમાંથી મળી રહેતા હોય છે.

જો હીટ સ્ટ્રોક અનુભવાય (અગાઉ ઉપર દર્શાવેલ લક્ષણો જણાય) તોપ

- તાત્કાલિક કોઈપણ શારીરિક શ્રમ ધરાવતી પ્રવૃત્તિ કરતા હો તો એ બંધ કરવી.

ઘરના, ઓફિસના કે અન્ય કોઈ સ્થળે હો તો ત્યાંના પ્રમાણમાં ઠંડો હોય એવા ભાગમાં શાંતિથી, જરાય ઉચાટ વગર બેસવું. એ.સી., કે પંખાનો ઉપયોગ કરવો. (કૂલરનો ઉપયોગ શક્ય હોય તો ટાળવો)

- બારીઓને પડદાથી ઢાંકવી.

- ઘરમાં લાઈટ વિગેરે ચાલુ હોય તો એને બંધ રાખવા.

- ઢીલાં, હળવાં, પરસેવો શોષી લે શકે એવા સુતરાઉ વસ્ત્રો પહેરવા.

# અમેરિકાની વિઝા લોટરીનું અવનવું

**ઈમીગ્રન્ટ વિઝા શું છે એને વિશે લોકો બહુ છું જાણે છે જે લોકોનું એક સપનું હોય છે કે અમેરિકા જવું પરંતુ અમેરિકા જવા માટે યોગ્યતા ધરાવતા ન હોય તો તેને માટે વિઝા લોટરી અમેરિકાએ શરૂ કરી હતી અમેરિકામાં વિઝા બુલેટિન નામનું એક સામાયિક પણ પ્રસિદ્ધ થાય છે વિઝા શું છે એની ઘણાને ખબર નથી પાસપોર્ટ શું છે એ પણ ઘણા લોકો જાણતા નથી ત્યારે વિઝા લોટરી વિશે જાણવું જરૂરી બની જાય છે**

પાસપોર્ટ અને વિઝા શબ્દો મુસાફરી માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા શબ્દો છે પરંતુ બંને વચ્ચે શું તફાવત છે? તે તમને આ લેખ માં જાણવા મળશે. મુસાફરી માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા બે શબ્દો છે 'પાસપોર્ટ' અને 'વિઝા'. તમારા દેશની બહાર મુસાફરી કરવા માટે, પાસપોર્ટ આવશ્યક દસ્તાવેજ છે. દર વર્ષે, દરેક દેશ તેના પાસપોર્ટને તેની શક્તિ અનુસાર રેન્કિંગ કરવામાં આવે છે. મૂળભૂત રીતે, ચોક્કસ પાસપોર્ટ પર મુસાફરી કરવા માટે તમારે કેટલા દેશોના વિઝા મેળવવાની જરૂર છે.

એચ-૧બી (H-1B) એ યુનાઈટેડ સ્ટેટ્સમાં એવો વિઝા છે જે ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ, સેક્શન ૧૦૧(એ)(૧૫)(એચ) (૧૦૧(a)(૧૫)(H)) હેઠળ નોન-ઈમિગ્રેશન છે. તે યુ.એસ. (.જી.)ના નોકરીદાતાઓને વિશેષતા ધરાવતા વ્યવસાયોમાં કામચલાઉ ધોરણે વિદેશી કામદારોની ભરતી કરવાની છૂટ આપે છે. જો એચ-૧બી (ૐ-૧મ) દરજ્જાનો વિદેશી કર્મચારી કામ છોડે અથવા પ્રાયોજક નોકરીદાતા તેને છૂટો કરે તો કર્મચારીએ અન્ય નોન-ઈમિગ્રન્ટ દરજ્જા માટે અરજી કરીને તે દરજ્જો મેળવવો જ પડે અથવા અન્ય નોકરીદાતાની શોધ કરવી પડે (દરજ્જામાં ફેરફારની અરજી અને/અથવા વિઝામાં ફેરફારને આધિન), અથવા યુનાઈટેડ સ્ટેટ્સ છોડવું પડે.

આજની તારીખે મોટાભાગના લોકો એવું માને છે કે ધરતી પર જો કોઈ સ્વર્ગ હોય તો તે અમેરિકા છે અમેરિકા એક વાત થાય એ થયા એટલે સર્વ વાતે સુખી થઈ ગયા એમ લોકો માને છે આ માટે અમેરિકા લોકોનું એક સપનું બની ચૂક્યું છે એમાંય ગ્રીન કાર્ડ એટલે વાત પૂરી એકવાર ગ્રીન કાર્ડ મળી જાય તો જિંદગી નો જંગ જીતી જવાય.

અમેરિકાએ કેવો દેશ છે કે ત્યાં સ્થાયી થવાનું જગત ભરના લોકો વિચારે જ છે અમેરિકાની અંદર લાખો માણસો અન્ય દેશોમાંથી આવીને સ્થાયી થયા છે અને અમેરિકાના વિકાસની અંદર ખૂબ મહત્વનો ફાળો આપ્યો છે ખાસ કરીને ભારતના લોકો અમેરિકામાં જઈને અમેરિકાને પ્રથમ સ્થાન પર જે કાર્યવાહી કરી છે જે પુરુષાર્થ કર્યો છે તેને અમેરિકન લોકો પણ સલામ કરે છે ભારતનો પટેલ પાવર અમેરિકાની અંદર સૂરજની જેમ ચમકે છે આવી જ રીતે સિલિકોન વેલી પણ ભારત થકી ઉજળી છે ભારતના લોકો અને કારણે અમેરિકાના વિકાસને ચાર ચાંદ લાગ્યો છે આ વસ્તુ અમેરિકાની અંદર આવેલા અત્યાર સુધીના તમામ રાષ્ટ્રપ્રમુખો બરાબર જાણે છે અને અમેરિકાએ વિઝા લોટરી પણ શરૂ કરી હતી. લોટરી એટલે એક પ્રકારનો જુગાર ગણી શકાય જેને સરકારે પણ પ્રોત્સાહન આપ્યું છે ભારતના ઘણા રાજ્યોએ લોટરી શરૂ કરી છે ખાનગી કંપનીઓ લોટરી શરૂ કરે એ વાત તો સમજી શકાય પણ સરકાર પોતે જો લોટરી શરૂ કરે તો તે જુગારને ઉત્તેજન આપ્યું છે તેમ ન કહી શકાય?

મહારાષ્ટ્ર સરકારે ૧૨ એપ્રિલ, ૧૯૬૯માં લોટરી શરૂ કરી. એક રૂપિયો આપો અને લોટરીની ટિકિટ ખરીદો. તમારી ટિકિટનો જે નંબર હોય એ નંબર લોટરીમાં ખેંચાય તો તમને એક રૂપિયાના બદલામાં એક લાખ રૂપિયા મહારાષ્ટ્ર સરકાર આપશે. તમે લખપતિ બની જશો. એ સમયે એક લાખ રૂપિયાની કિંમત એક કરોડ રૂપિયા જેટલી હતી. ભારતની જેમ અમેરિકા જેવા સમૃદ્ધ દેશો પણ લોટરી ના રવાડે ચડી ચૂક્યા છે અમેરિકાએ પણ વર્ષ ૧૯૯૦માં લોટરી કાઢી. એમની લોટરીમાં પૈસા આપીને કોઈ ટિકિટ ખરીદવાની નથી. લોટરીનો નંબર નસીબવંત નીવડે તો એ ધરાવનારને અમેરિકાની સરકાર લાખ કે એથી વધુ

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

ડોલર આપતી નથી. અમેરિકાએ વર્ષ ૧૯૯૦માં આ જે લોટરી શરૂ કરી છે એ વિશ્વના જુદા જુદા દેશોના લોકો, જેઓ અમેરિકા આવવા ઈચ્છતા હોય, અમેરિકન સ્વપ્નું સેવતા હોય, પણ એમનું કોઈ સગુંવહાલું અમેરિકામાં રહેતું ન હોય, એમની એવી કોઈ લાયકાત ન હોય કે જેથી તેઓ અમેરિકાની ચાર 'ફેમિલી પ્રેફરન્સ કૅટેગરી' કે 'ઍમ્પ્લૉયમૅન્ટ બેઝ્ડ કેટેગરી' હેઠળ ગ્રીનકાર્ડ મેળવી શકે છે, એમના દેશમાં અંધાધૂંધી ન હોય, અરાજકતા ન હોય, જેથી તેઓ અમેરિકામાં રાજકીય આશરો માગી શકે, તેઓ અમેરિકાની મિલિટરીમાં જોડાઈને ગ્રીનકાર્ડ પ્રાપ્ત કરવા ઈચ્છતા ન હોય. આવા લોકો અમેરિકા કાયમ માટે આવી શકે એ માટે અમેરિકાની સરકારે વર્ષ ૧૯૯૦માં 'વિઝા-લોટરી' કાઢી, એને તેઓ 'ડાઈવર્સિટી ઈમિગ્રન્ટ' કહે છે, એટલે કે વિભિન્નતા ધરાવતા ઈમિગ્રન્ટો. જે દેશમાંથી છેલ્લાં પાંચ વર્ષમાં વધુ દેશવાસીઓ અમેરિકામાં સ્થળાંતર કરીને ગયા હોય એ દેશના લોકોને આ ડાઈવર્સિટી વિઝામાં ભાગ લેવા નથી મળતો. આ વિઝા- લોટરીનો ઉદ્દેશ જ એ છે કે જે દેશના લોકો ઈમિગ્રન્ટ વિઝા મેળવી નથી શકતા એમને અમેરિકામાં કાયમ રહેવા માટે આ વિઝા- લોટરી દાખલ કરવામાં આવી છે.

અમેરિકામાં દર વર્ષે લાખો લોકો ગેરકાનું ની રીતે અમેરિકામાં પ્રવેશે જ છે અને પકડાઈ ત્યારે મોટી સજા ને પાત્ર બને છે દર વર્ષે અમેરિકાની સરકાર ૫૫,૦૦૦ ઈમિગ્રન્ટ વિઝા, જે લોકો વિઝા-લોટરીમાં વિજેતા બને છે એમને આપે છે. આ માટે એમણે એક કાગળ ઉપર અરજી કરવાની રહે છે, જેમાં એમનું નામ, જન્મતારીખ, રહેઠાણ અને એમના વિશેની અન્ય વિગતો, જન્મ ક્યાં થયો છે એ દેશનું નામ, લગ્ન કર્યાં હોય તો એમની પત્ની યા પતિ કયા દેશના નાગરિક છે, એમણે કયા દેશમાં જન્મ લીધો હતો આ સર્વે જણાવવાનું રહે છે. આવી અરજીઓ ક્યારે કરવાની, કેટલા સમય સુધીમાં કરવાની, ક્યાં કરવાની, કેવી રીતે કરવાની એની જાણકારી અમેરિકાનું ઈમિગ્રેશન ખાતું જે દર મહિને 'વિઝા બુલેટિન' બહાર પાડે છે એમાં જણાવે છે. અરજી માટે ફી આપવાની નથી હોતી. લોટરી સિસ્ટમ દ્વારા એ અરજીઓનો ડ્રો કરવામાં આવે છે. જે લોકો વિજેતા બને એમને જાણ કરવામાં આવે છે. ત્યાર બાદ એ વિજેતા બનેલા લોકોએ ઈમિગ્રન્ટ વિઝા માટે જે પગલાંઓ લેવાનાં હોય છે એ લેવાં પડે છે. આફ્રિકા, એશિયા, યુરોપ, નોર્થ અમેરિકા, સાઉથ અમેરિકા મેક્સિકો, સેન્ટ્રલ અમેરિકા, આ દેશોના નાગરિકોને વિઝા- લોટરીમાં ભાગ લેવાની પરવાનગી નથી. આમાં ભારતનો પણ સમાવેશ થઈ જાય છે. જો આ દેશોમાંના, ભારતમાંના પણ, કોઈએ એવા દેશમાં જન્મ લીધો હોય, જે દેશના લોકો વિઝા-લોટરીમાં ભાગ લેવા માટે કાયદેસર કાબેલ હોય અથવા જેમણે એવા લોકો જોડે લગ્ન કર્યાં હોય, જે વ્યક્તિનો જન્મ એવા દેશમાં થયો હોય, જે દેશના નાગરિકો વિઝા-લોટરીમાં ભાગ લઈ શકે એમ હોય તેઓ એમના જન્મસ્થળના કારણે યા લગ્નના કારણે વિઝા-લોટરીમાં ભાગ લઈ શકે છે. વિજેતા બનતાં એમને ગ્રીનકાર્ડ આપવામાં આવે છે. જે લોકો વિજેતા બને એમને અને એમની સાથે-સાથે એમની પત્ની યા પતિ અને એકવીસ વર્ષથી નીચેની વયના અવિવાહિત સંતાનોને પણ ગ્રીનકાર્ડ આ વિઝા-લોટરી હેઠળ આપવામાં આવે છે. તેઓ 'ડાઈવર્સિટી ઈમિગ્રન્ટ' કહેવાય છે. અમેરિકા જવાનું સપનું સાકાર કરવા માટે વિઝા મેળવવા જરૂરી છે તેને માટે યોગ્યતા પ્રાપ્ત કરો પૈસા પ્રાપ્ત કરો અને અમેરિકામાં જવાનું સપનું સાકાર કરો.



# ૮મીએ ૪ કલાક ૨૫ મિનિટનું સૂર્યગ્રહણ દિવસભર અંધકાર છવાયેલો રહેશે

નવીદિલ્હી,

વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ હોળીના દિવસે થયું હતું. આ પછી, વર્ષ ૨૦૨૪નું પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ, ૨૦૨૪, સોમવારના રોજ થવાનું છે. ધર્મ અને જ્યોતિષમાં સૂર્યગ્રહણને લગતી ઘણી માન્યતાઓ છે, પરંતુ વિજ્ઞાનમાં તેને ખગોળીય ઘટના કહેવામાં આવે છે જેના વિશે લોકો હંમેશા ઉત્સાહિત રહે છે. વર્ષનું પહેલું સૂર્યગ્રહણ ઘણી રીતે ખાસ રહેવાનું છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, આ સૂર્યગ્રહણ કુલ ૪ કલાક અને ૨૫ મિનિટ સુધી ચાલશે, જે ૫૦ વર્ષમાં સૌથી લાંબો સમયગાળો હશે. આ ગ્રહણ સંપૂર્ણ સૂર્યગ્રહણ હશે. જો કે આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં, પરંતુ અમેરિકામાં સ્પષ્ટપણે જોઈ શકાશે. આ સૂર્યગ્રહણ માટે અમેરિકામાં પણ ખાસ તૈયારીઓ કરવામાં આવી રહી છે. ભારતીય સમય અનુસાર, આ સૂર્યગ્રહણ ૮ એપ્રિલે રાત્રે ૯:૧૨ વાગ્યે શરૂ થશે અને ૧:૨૫ વાગ્યે સમાપ્ત થશે. અમેરિકાના સમય અનુસાર આ ગ્રહણ બપોરે ૨:૧૫ વાગ્યે શરૂ થશે. કુલ સૂર્યગ્રહણનો કુલ સમયગાળો ૪ કલાક ૨૫ મિનિટનો રહેશે, જેમાંથી લગભગ ૮ મિનિટ સુધી સમગ્ર પૃથ્વી અંધારામાં છવાયેલી રહેશે. જો કે તે ભારતમાં દેખાશે નહીં, આ સૂર્યગ્રહણ ઘણા દેશોમાં જોઈ શકાશે પરંતુ અમેરિકાના ઉત્તરીય ભાગમાં આ સૂર્યગ્રહણ સ્પષ્ટપણે જોઈ શકાશે. ગ્રહણ દરમિયાન અમેરિકામાં પણ ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે. ૮ એપ્રિલે અમેરિકાના ઘણા રાજ્યોમાં શાળાઓ પણ બંધ રહેશે. ત્યાંના નાગરિકોને ગ્રહણ દરમિયાન ઘરમાં જ રહેવા માટે કહેવામાં આવ્યું છે જેથી તેઓ સૂર્યના હાનિકારક કિરણોથી સુરક્ષિત રહી શકે.

# ફિલ્મ 'પુષ્પા ધ રુલ'નું ધમાકેદાર પોસ્ટર રિલીઝ




મુંબઈ,

જે ફિલ્મની ચાહકો પાર્ટ ૧ રિલીઝ થયા ત્યારથી રાહ જોઈ રહ્યા હતા. તેના માટે એક ખુશીના સમાચાર સામે આવ્યા છે. ટુંક સમયમાં જ પુષ્પા-૨ ફિલ્મ રિલીઝ થશે એ પહેલા તમને જણાવી દઈએ કે, હાલમાં આ ફિલ્મનું પોસ્ટર શેર કરવામાં આવ્યું છે.મેકર્સ દ્વારા શેર કરાયેલા પોસ્ટરમાં ચારેબાજુ સિંદુર જોવા મળી રહ્યું છે. આ સિંદુરની આસ-પાસ દીવા પણ જોવા મળી રહ્યા છે તેમજ પગમાં ઝાંઝર બાંધો કોઈ ડાન્સ કરી રહ્યું છે. પુષ્પા ફિલ્મે સારી એવી કમાણી કરી હતી. આ ફિલ્મના ડાયલોગ પણ સૌને ખુબ પસંદ આવ્યા હતા. ચાહકોનું માનવું છે કે, આ પગ અલ્લુ અર્જુનના છે. આ પહેલા મેકર્સે એક પોસ્ટર શેર કર્યું હતુ. આ પોસ્ટરમાં અલ્લુ અર્જુનનો હાથ જોવા મળી રહ્યો હતો. ફિલ્મનું ટીઝર ૮ એપ્રિલના રોજ રિલીઝ થશે. તમને જણાવી દઈએ કે, મેકર્સે આ ફિલ્મની પહેલી ઝલક શેર કરવા માટે ૮ એપ્રિલનો દિવસ પસંદ કર્યો છે. કારણ કે, આ દિવસે સુપર સ્ટાર અલ્લુ અર્જુનનો જન્મદિવસ પણ છે.

# વેનેઝુએલાના રહેવાસી વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિનું ૧૧૪ વર્ષની વયે નિધન

વેનેઝુએલા,

વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિએ દુનિયાને અલવિદા કહી દીધુ છે. આ વ્યક્તિનું નામ જુઆન વિસેન્ટ પેરેઝ મોરા હતું અને તેમની ઉંમર ૧૧૪ વર્ષ હતી. જુઆન વિસેન્ટ પેરેઝ મોરા વેનેઝુએલાના રહેવાસી હતા. ફેબ્રુઆરી ૨૦૨૨ માં ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સે તેમને સૌથી વૃદ્ધ વ્યક્તિ જાહેર કર્યા હતા. તે સમયે તેમની ઉંમર ૧૧૨ વર્ષ ૨૫૩ દિવસ હતી. વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જુઆનના મોતની જાણકારી



આપી હતી. જુઆનનો જન્મ ૨૭ મે ૧૯૦૯ના રોજ થયો હતો. તેમના ૧૧ પુત્રો, ૪૧ દોહિત્રી, ૧૮ પૌત્ર-પૌત્રીઓ અને ૧૨ ગ્રેટ-ગ્રેટ ગ્રાન્ડ ચિલ્ડ્રન છે. ગિનિસના અહેવાલ પ્રમાણે જુઆન વ્યવસાયે એક ખેડૂત હતા. તેમણે જણાવ્યું હતું કે, તેમની લાંબી ઉંમરનું રહસ્ય સખત મહેનત, સમય પર આરામ કરવો અને દરરોજ શેરડીમાંથી બનેલો એક ગ્લાસ દારૂ છે. ૫ વર્ષની ઉંમરે જ જુઆને પોતાના પિતા અને ભાઈઓ સાથે ખેતરમાં કામ કરવાનું શરૂ કરી દીધુ હતું. તેઓ શેરડી અને કોફીની ખેતીમાં મદદ તેમને કરતા હતા. ત્યારબાદ તેઓ શેરિફ (લોકલ પોલીસ અધિકારી) બન્યા અને તેમના વિસ્તારમાં જમીન સંબંધિત મુદ્દાઓ ઉકેલવા લાગ્યા.

# સલમાન મામુનું વલણ અને ઊર્જા અદ્ભુત છે : અલીઝેહ અગ્નિહોત્રી



મુંબઈ,

ફિલ્મ 'ફરે'થી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર અલીઝેહ અગ્નિહોત્રી સલમાન ખાનની ભત્રીજી છે. તે સલમાનની બહેન અલવીરા ખાન-અગ્નિહોત્રી અને અભિનેતા અતુલ અગ્નિહોત્રીની મોટી પુત્રી છે. તાજેતરમાં, સલમાન ખાન અને અલીઝેહ બંનેએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ચાહકો સાથે એક સારા સમાચાર શેર કર્યા છે. તેણે કહ્યું હતું કે ટૂંક સમયમાં જ અલીઝેહની ફિલ્મ 'ફરે' પ્લેટફોર્મ ઢીપ પર રિલીઝ થવાની છે. અલીઝેહે તેના મામા સલમાન ખાનની પ્રશંસા કરી, જેમણે તેને દરેક પગલા પર સાથ આપ્યો. અલીઝેહે કહ્યું, "સલમાન મામુનું વલણ અને તેની ઉર્જા અદ્ભુત છે. તે આટલો મોટો સ્ટાર છે. પરંતુ તે ક્યારેય પોતાને આ વાતનો અહેસાસ થવા દેતો નથી. તેને ખુદને પણ યાદ નથી કે તે દુનિયાનો સુપરસ્ટાર છે. તે હંમેશા સામાન્ય વ્યક્તિની જેમ વર્તે છે. તેની ઉર્જા જોઈને આપણે બધા દંગ રહી જઈએ છીએ. હું પણ તેની ઉર્જા સામે થાકી જાઉં છું. તે હજુ પણ નાના છોકરાની જેમ વર્તે છે. જે રીતે તે પોતાનું કામ કરે છે, માત્ર મને જ નહીં પરંતુ દરેકે તેની પાસેથી પ્રેરણા લેવી જોઈએ. અલીઝેહે વધુમાં કહ્યું, "કેટલીકવાર તમે લોકો જે કહે છે તેના કરતાં તમે જે જુઓ છો તેનાથી વધુ શીખો છો. હું પણ સલમાન મામુને જોઈને ઘણી બાબતો શીખી છું. પણ આજ સુધી હું તેની ઉર્જા મેળવી શક્યો નથી. મારે મારા કામમાં પણ એ ઉર્જા લાવવાની છે.

# ૬૩ વર્ષના પાદરીએ ૧૨ વર્ષની બાળકી સાથે લગ્ન કર્યા : પોલીસ પણ હાજર રહી

ઘાના,

ધર્મને લઈને ગમે તેટલી થિયરી આપવામાં આવે. પરંતુ તેની સાચી વ્યાખ્યા શું છે? વિદ્વાનોમાં કે બૌદ્ધિકોમાં કહેવું જોઈએ કે આ અંગે ઊંડો વિરોધાભાસ છે. આજે પણ આપણી વચ્ચે એવા ઘણા લોકો છે જેઓ પોતાના અંગત ફાયદા માટે ધર્મનો ઉપયોગ કરે છે. આ લોકો કેવી રીતે નિર્દોષ લોકોને છેતરવાનો ઢોંગ કરે છે? ઘાનામાં થયેલા લગ્નને જોઈને આ વાતનો ખ્યાલ આવી શકે છે, જેમાં ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો અને પોલીસને બોલાવવાની સ્થિતિ પણ આવી હતી.

તમને જણાવી દઈએ કે, ઘાનાના નુગુઆમાં ૬૩ વર્ષીય પાદરી ગબોર્બુ વુલોમો નુઉમો બોરકેટે લાવેએના ઓક્રોમો નામની ૧૨ વર્ષની છોકરી સાથે લગ્ન કર્યા હોવાના અહેવાલ છે. એક મહેમાન જે આ લગ્નની તરફેણમાં હતો. કહ્યું કે, આ લગ્ન લાંબા સમયથી ચાલતા રિવાજને કારણે થયા છે. જેમાં કહેવાય છે કે પાદરીકુંવારી યુવતી સાથે લગ્ન કરશે.

તેમણે ખુલાસો કર્યો કે હાલમાં નુગુઆમાં નવ વર્ષથી વધુ ઉંમરની કોઈ કુંવારી છોકરી નથી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે પાદરીએ છોકરીને લગ્ન માટે પસંદ કરી હતી જ્યારે તે માત્ર ૬ વર્ષની હતી. ઘાનાના પલ્સ અહેવાલ આપે છે કે છોકરી હવે શુદ્ધિકરણ પર કેન્દ્રિત અન્ય પરંપરાગત સમારોહમાં ભાગ લેશે. રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે 'એવું માનવામાં આવે છે કે આ ધાર્મિક વિધિ પછી, છોકરી ગ્બોર્બુ વુલોમોની પત્ની તરીકે તેની અપેક્ષિત જવાબદારીઓને યોગ્ય રીતે નિભાવશે. રસપ્રદ વાત એ છે કે આમાં બાળકો હોવાનો પણ સમાવેશ થાય છે. ૬૩ વર્ષના પાદરીએ ૧૨ વર્ષની છોકરી સાથે લગ્ન કર્યાના આ સમાચારે વિવાદ સર્જ્યો છે

# ભૂલ ભૂલૈયા ૩'માં માધુરી દીક્ષિતની એન્ટ્રી કન્ફર્મ, ફિલ્મમાં ભૂત બનશે ?

મુંબઈ,

કાર્તિક આર્યન તેના અપકમિંગ પ્રોજેક્ટને લઈને ચર્ચામાં રહે છે. તેના ખાતામાં ઘણી ફિલ્મો છે. મોટા મોટા ડાયરેક્ટર્સ તેની સાથે ફિલ્મ બનાવવા માંગે છે. હાલમાં જ તેને વિશાલ ભારદ્વાજની ફિલ્મ સાઈન કરી. તેમાં તે ગેંગસ્ટર હુસૈન ઉસ્તરાના રોલમાં જોવા મળવાનો છે. ફિલ્મને લઈને વધુ જાણકારી સામે આવી નથી. પરંતુ આ ફિલ્મ આવતા વર્ષે થિયેટરોમાં રિલીઝ



થશે. અત્યારે તે 'ભૂલ ભુલૈયા ૩'ના શૂટિંગમાં બિઝી છે. થોડા દિવસ પહેલા ફર્સ્ટ શેડ્યુલ પૂર્ણ થયું છે. ૧ લી એપ્રિલે કાર્તિક આર્યને જર્મની વેકેશનથી પરથી પરત ફરીને કામ શરુ કર્યું છે.

પહેલા શેડ્યુલમાં કાર્તિક આર્યનની સાથે તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન પણ જોવા મળશે. બંને એક્ટરની સાથે મળીને ઘણાં ભાગની શૂટિંગ પૂરું કર્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ એવું જાણવા મળ્યું છે કે મુંબઈ સિવાય અન્ય ઘણી જગ્યાએ શૂટિંગ થશે. આ ફિલ્મમાં તેમની સાથે વધુ એક એક્ટ્રેસ જોડાવવાની છે, જે છે માધુરી દીક્ષિત. વિદ્યા બાલન અને કાર્તિક આર્યન મળીને 'ભૂલ ભુલૈયા ૩'માં ખૂબ ધૂમ મચાવવાના છે.

# પેપ્સિકો કંપની ભારતના મધ્યપ્રદેશમાં બીજી ઉત્પાદન સુવિધા ઉભી કરશે

## પ્લાન્ટ સ્થાપવાની તૈયારીમાં છે કંપની

મધ્યપ્રદેશ,

પેપ્સિકો કંપની ભારતમાં તેની વિસ્તરણની યોજના બનાવી રહી છે. ત્યારે તેના ભાગરૂપે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં ફ્લેવર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા માટે રૂ. ૧,૨૬૬ કરોડનું રોકાણ કરશે. કંપનીના નિવેદન અનુસાર, ૨૨ એકરમાં ફેલાયેલો આ પ્લાન્ટ ભારતમાં પેપ્સિકોના પીણા ઉત્પાદનમાં વધારો કરવા માટે સ્થાપવામાં આવી રહ્યો છે. જેનાથી વધારે રોજગારીનું સર્જન કરવામાં અને સ્થાનિક અર્થતંત્ર પર સકારાત્મક અસર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. જેની કામગીરી થોડા સમયમાં જ શરૂ કરવામાં આવશે. એક અમેરિકન બહુરાષ્ટ્રીય ખાદ્ય, સ્નેકસ અને પીણાની કંપની છે પેપ્સીકો ભારતમાં તેનો મોટા પાયે પ્લાન્ટ સ્થાપવાની તૈયારીમાં છે. તેના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જાગ્રત કોટેચાએ જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશ સરકારના સમર્થનથી, અમે આ પ્રદેશના સામાજિક-આર્થિક લેન્ડસ્કેપને વધારવામાં પ્રભાવશાળી પ્રગતિ કરીને અમારી પહોંચને વિસ્તારવાનું લક્ષ્ય રાખીએ છીએ. PepsiCo India સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ બેવરેજિસ જ્યોર્જ કોવૂરે જણાવ્યું હતું કે નવું યુનિટ ભારતમાં કંપનીનું બીજું ઉત્પાદન સુવિધા હશે.કંપની પાસે હાલમાં પંજાબના ચન્નો ખાતે એક (ફ્લેવર) ઉત્પાદન સુવિધા છે. અગ્રણી બેવરેજ અને ફૂડ મેન્યુફેક્ચરિંગ કંપની પેપ્સિકોએ આજે ??જણાવ્યું હતું કે તે આસામના નલબારીમાં તેનો પ્રથમ ખાદ્ય ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. ૭૭૮ કરોડનું રોકાણ કરશે. પેપ્સિકોના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૪૪.૨ એકરમાં ફેલાયેલા આ પ્લાન્ટને ૨૦૨૫ માં શરૂ કરવાની દરખાસ્ત છે અને તેનો ઉદ્દેશ્ય આસામના ૫૦૦ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારની તકો પૂરી પાડવાનો છે. પેપ્સિકો ઈન્ડિયાએ આસામ કૌશલ્ય વિકાસ મિશન અને રોજગાર અને કારીગરો તાલીમ નિદેશાલય સાથે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા અને ક્ષેત્રમાં મહિલાઓની રોજગાર ક્ષમતા વધારવા માટે સલામત અને સહાયક કાર્ય વાતાવરણ બનાવવા માટે ત્રિપક્ષીય એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. કંપનીનો લક્ષ્યાંક ઓછામાં ઓછો ૭૫ ટકા મહિલાઓનું પ્રતિનિધિત્વ કરવાનો છે.

# અભિજીત ભટ્ટાચાર્યએ બોલિવૂડની ટીકા કરી કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં કોઈ દેશભક્ત નથી

મુંબઈ,

અભીજીત ૯૦ના દાયકાના પ્રખ્યાત ગાયક હતા. તેણે પોતાની કારકિર્દીમાં ઘણા સુપરસ્ટાર્સ માટે ગીતો ગાયા છે. તેણે શાહરૂખ માટે ઘણા ગીતોમાં પોતાનો અવાજ આપ્યો, જે લોકોને ખૂબ પસંદ આવ્યા. સિંગિંગ સિવાય તે ઘણા સિંગિંગ રિયાલિટી શોમાં જજ તરીકે પણ જોવા મળી ચૂકી છે.

પોતાની ગાયકીથી લોકોના દિલ પર રાજ કરનાર અભિજીત ભટ્ટાચાર્ય ઘણીવાર પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં આવે છે. એક ઈન્ટરવ્યુમાં પાકિસ્તાની ગાયકોને પ્રમોટ કરવા બદલ સલમાન ખાનની ટીકા કરનાર સિંગર પોતાના નવા નિવેદનના કારણે ચર્ચામાં આવી ગયો છે. તાજેતરની વાતચીત દરમિયાન, ગાયકે કહ્યું કે બોલિવૂડમાં એક પણ અભિનેતા સાચો રાષ્ટ્રવાદી કે દેશભક્ત નથી. તેણે કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બેવડા ધોરણો છે. તે જ સમયે, તેમણે એ વાત પર પણ પ્રકાશ પાડ્યો કે એક સાચા દેશભક્ત હોવાને કારણે તેમને ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

ગાયકે કહ્યું કે તે એક સાચો રાષ્ટ્રવાદી હોવાને કારણે તેને સહન કરવું પડ્યું. તેણે કહ્યું કે આજકાલ લોકો આવો ઢોંગ કરે છે. એક કપલ પર નિશાન સાધતા ગાયકે કહ્યું કે પતિ સોશિયલ મીડિયા પર એક વાતનો પ્રચાર કરે છે, જ્યારે તેની પત્ની, જે રાજકારણમાં સક્રિય છે, તે કંઈક બીજું કહે છે.

# મયંક યાદવે નોર્ટજે-ઉમરાનનો રેકોર્ડ તોડ્યો સિઝનનો સૌથી ઝડપી બોલ પણ ફેંક્યો

## બેંગલુરુ સામે, તેણે ૧૫૬.૭ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકયો




બેંગ્લુરૂ

ભારત અને લખનૌ સુપર જાયન્ટ્સનો નવો ફાસ્ટ બોલિંગ સેન્સેશન મયંક યાદવ સતત એક પછી એક રેકોર્ડ બનાવી રહ્યો છે. લખનૌની પંજાબ કિંગ્સની જીત બાદ તેણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને સતત બે મેચમાં તે પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો. જ્યારે મંગળવારે મયંકે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) સામે ચાર ઓવરમાં માત્ર ૧૪ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી, જેના કારણે તેની ટીમ ૨૮ રનથી મેચ જીતવામાં સફળ રહી હતી. જ્યારે તે પહેલા પંજાબ કિંગ્સ સામે તેણે ચાર ઓવરમાં ૨૭ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.

આરસીબી સામેની મેચમાં મયંકે આ સિઝનનો સૌથી ઝડપી બોલ ફેંક્યો હતો. તેણે પોતાનો જ રેકોર્ડ તોડ્યો. વાસ્તવમાં પંજાબ સામેની મેચમાં મયંકે ૧૫૫.૮ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંક્યો હતો. તે જ સમયે, બેંગલુરુ સામે, તેણે ૧૫૬.૭ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકીને પોતાનો રેકોર્ડ સુધાર્યો. આ સિઝનમાં આ અત્યાર સુધીનો સૌથી ઝડપી બોલ છે.

# મનોજ બાજપેયી સિનેમાને સમાજમાં પરિવર્તનનું માધ્યમ માને છે



મુંબઈ,

સિનેમાને સમાજનો દર્પણ કહેવામાં આવે છે. લોકો વારંવાર કહે છે કે ફિલ્મો સમાજનું પ્રતિબિંબ છે. અભિનેતા મનોજ બાજપેયીએ પણ તાજેતરમાં આ જ વાતનો પુનરોચ્ચાર કર્યો છે. શું સિનેમા સમાજમાં પરિવર્તન લાવી શકે છે? આ અંગે મનોજ બાજપેયીએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. મનોજ બાજપેયી કહે છે કે સિનેમાએ સમાજમાં ક્રાંતિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તાજેતરમાં, તેની ફિલ્મ 'સાઈલેન્સ ૨' ના ટ્રેલર લોન્ચ પ્રસંગે, અભિનેતાએ જણાવ્યું હતું કે સિનેમા લોકોને કેવી રીતે અસર કરે છે? મનોજ બાજપેયી સાયલન્સ ૨માં એસીપી અવિનાશ વર્માની ભૂમિકા ભજવી રહ્યા છે. મનોજ બાજપેયી કહે છે, 'સિનેમા આપણા સમયની ઝલક રજૂ કરે છે. સિનેમા અરીસો બની શકે છે. જો કે સિનેમા કોઈ ચળવળ શરૂ કરી શકતું નથી, તે ચોક્કસપણે આંદોલનનો એક ભાગ બની શકે છે. મેં હંમેશા કહ્યું છે કે એકલી સિનેમા કંઈ કરી શકતી નથી. મનોજ બાજપેયીએ વધુમાં કહ્યું કે, 'દરેક શાસકે સિનેમા અને કલાનો ઉપયોગ કર્યો છે. સિનેમા કોઈ રસ્તો બતાવી શકતી નથી. પરંતુ, તે સમાજને ચોક્કસ અરીસો બતાવી શકે છે. અભિનેતાએ કહ્યું, 'જયારે અમિતાભ બચ્ચન એક ગુસ્સો યુવાન તરીકે આવ્યા ત્યારે બેરોજગારી, હતાશા અને નિરાશા હતી અને સામાન્ય માણસને ખબર ન હતી કે પોતાનો ગુસ્સો કેવી રીતે વ્યક્ત કરવો. તેણે પોતાની જાતને અમિતાભ બચ્ચનમાં જોયો અને ફિલ્મો જોતી વખતે તેણે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો અને વિચાર્યું કે આ તે જ (સામાન્ય માણસ) છે જે સિસ્ટમ અને દુનિયા સામે લડી રહ્યો છે.

# રાજકોટની હેડ પોસ્ટ ઓફિસમાં ૨૨માંથી માત્ર પાંચ બારીઓ ખુલતા અંધાધુંધી સર્જાઈ

## પાસબુક એન્ટ્રીનું કાઉન્ટર પણ બંધ રહેતા દેકારો મચી ગયો: ખાતેદારોને લેવડ-દેવડના એસ.એમ.એ. નહી મળતા ઈક્વાયરી માટે ધકકામુકકી

રાજકોટ

માર્ચ એન્ડીંગનાં લીધે તા.૧ અને ૨જી એપ્રિલ પોસ્ટલ વિભાગમાં બે દિવસ બાદ ત્રીજા દિવસે સર્વર બંધ રહેતા મુશ્કેલી પડી હતી. આજે ચોથા દિવસે હેડ પોસ્ટમાં બચતકારો ખાતેદારો અને પેન્શનર સિનિયર સીટીઝનો ઉઘડતી ઓફીસે જ પહોંચી જતા અંધાધુંધી સર્જાઈ હતી. સંખ્યા એટલી હદે વદી ગઈ કે સીનીયર સીટીઝનોને બેસવાની પણ જગ્યા નહીં મળતા ઘણા ખાતામાં લેવડ-દેવડ કર્યા વિના જ ઘરે પરત ફરવા મજબુર થયા હોવાની ચર્ચા જાગી છે.

ગઈકાલે હેડ પોસ્ટ ઓફીસ સહિત અનેકવિધ પોસ્ટલ બ્રાંચમાં સર્વર બંધ રહેતા અસંખ્ય ખાતેદારોને ધરમધકકા થયો હતો આજે ચોથા દિવસે લાંબી કતારો લાગતા કાઉન્ટરો પર દેકારો મચી ગયો હતો.




હેડ પોસ્ટ ઓફીસ પૈસાની લેવડ દેવડ સાથે પાસબુકમાં એન્ટ્રી પાડવા માટે કાઉન્ટર અને ૨૨ બારીઓની સુવિધા જેમાં ટોકન મુજબ ક્રમશઃ જે તે બારી ઉપર કામગીરી થઈ રહી છે. આજે સવારે ઓફીસ શરૂ થતા જ મોટી સંખ્યામાં બચતકારો-ખાતેદારો ઉમટતા અવ્યવસ્થા સર્જાય હતી. ૨૨માંથી માત્ર પાંચ બારીઓ ઉપર કામકાજ શરૂ થતા ભારે અફડાતફડી મચી હતી. સીનીયર સીટીજનોને બેસવાની પણ જગ્યા નહીં મળતા પરેશાન થયા હતા. ત્રણ દિવસથી હેરાન થતા ખાતેદારો ગ્રાહકો આજે પણ અસુવિધાથી પરેશાન થયા હતા.

પાસબુકમાં વ્યાજ જમા થયું હોય તે અંગેના હજુ સુધી મોબાઈલમાં એસએમએસ નહીં મળતા એન્ટ્રી પાડવા દોડેલા પેન્શનરોને પાસબુકમાં એન્ટ્રી થઈ શકી ન હતી કારણ કે પાસબુક એન્ટ્રીનું કાઉન્ટર ચાલુ બંધ થતું હતું. છેલ્લા બે દિવસથી હેડ પોસ્ટ ઓફીસે ભારે અંધાધુંધી સર્જાઈ હોવા છતા અધિકારીઓ-કર્મચારીઓ ગ્રાહકોની સવલત બાબતે કોઈ પરવા કરી નહી હોવાનો આક્રોશ જોવા મળ્યો હતો.

# ૧૫એપ્રિલના જોવા મળશે લાયરીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો : જાથા

રાજકોટ,

દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૧૦૫ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કાવર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં તા. ૧૫ એપ્રિલ મધ્યરાત્રિથી તા. ૨૯ મી એપ્રિલ સોમવાર પરોઢ સુધી લાયરીડસ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષનો અદ્દભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.



જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે તા. ૧૫ મી સોમવાર મધ્યરાત્રિથી તા. ૨૯ મી સુધી આકાશમાં લાયરીડસ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૨૧ તથા ૨૨ મી રાત્રીએ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૧૦૦ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે.

લાયરીડસ ઉલ્કાવર્ષા મહત્તમ બે દિવસ તા. ૨૧ તથા ૨૨ પરોઢ સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ-સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી.

# રાજકોટમાં કેન્સરગ્રસ્ત મહિલા દર્દીઓ રેમ્પ વોક કરશેઃ ફેશન શોનું આયોજન

રાજકોટ,

એક સુંદર કાર્ય થવા થઇ રહયું છે. જે કોઇ મહિલા કેન્સર જેવી બિમારીમાંથી પસાર થઇ ચુકયા છે. અથવા તો આ બિમારીમાં સપડાયા છે તેવા લોકો માટે રેમ્પવોક (ભારતીય સંસ્કૃતિ અનુરૂપ) નું આયોજન કરવામાં આવ્યું છે. કેન્સરપીડીત મહિલાઓમાં આત્મવિશ્વાસમાં વધારો થાય અને હકારાત્મક અભિગમ આવે તે અર્થે આ પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવ્યા હોવાનું સંસ્થાના આગેવાનોએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડો.નિલા મોહીલે, ખ્યાતીબેન વસાવડા, બળવંતભાઇ દેસાઇ વિ. આગેવાનો ઉપસ્થિત રહેશે. મહિલાઓને થતા કેન્સર સામે જાગૃતિ, મદદ અને માર્ગદર્શનના ઉદ્દેશ સાથે રાજકોટમાં ગુજરાતના સૌથી મોટામાં મોટા કેન્સરના મહિલા દર્દીઓના ફેશન શોનું આયોજન થયું છે. એક ઐતિહાસિક ઘટના સ્વરૂપે આકાર લઇ રહેલ આ ફેશન શો કાલાવડ રોડ સ્થિત સયાજી હોટલ ખાતે ૧૮ મેના રોજ સાંજે ૬ વાગ્યેથી શરૂ થશે.કેન્સર પીડિત મહિલાઓમાં આત્મવિશ્વાસનું પુનઃ નિર્માણ થાય અને તેમનામાં હકારાત્મક દ્રષ્ટિકોણ કેળવાય તે બાબતને ધ્યાનમાં રાખીને યોજાઇ રહેલ આ ફેશન શોમાં કેન્સર પીડિત બહેનો ઉપરાંત ગુજરાતની મોડેલ્સ, અભિનેત્રીઓ, પ્રતિષ્ઠિત બહેનો ઉપરાંત મહિલા ડોકટરો રેમ્પ વોક પર ઉતરશે. કાર્યક્રમમાં ડો.નિલા મોહીલે, ખ્યાતીબેન વસાવડા, બળવંતભાઇ દેસાઇ હાજર રહેશે.

રાજકોટની કેન્સર કલબના સ્થાપક શ્રી અશ્વિનભાઈ સોલંકીના વળપણ તળે તાજેતરમાં કેન્સર ફેશન શો અંગે મળેલી એક બેઠકમાં કેન્સર કલબના સભ્યો સર્વશ્રી માધવીબેન રાઠોડ, નીલિમાબેન શાહ, ભારતીબેન કુરિયા, જયોતિબેન જોશી, સ્વાતિબેન શાસ્ત્રી, જલ્પાબેન કુબાવત, તૃષા વિઠલાણી, રેખાબેન ઉંજીયા, ડો. આસ્થાબેન જાડેજા, ડો. ઋતવાબેન સોલંકી, જીગરભાઈ યાજ્ઞિક, સાગરભાઈ દવે,સરજુભાઈ કારીયા, નરેન્દ્રસિંહ વાઘેલા,નીરવભાઈ વિઠલાણી, ડો.કાન્તિ ઠેસિયા વગેરેએ ઉપસ્થિત રહીને કાર્યક્રમ અંગે સ્વયં જવાબદારીઓ સ્વીકારી, કાર્યક્રમને સફળ બનાવવા સંકલ્પ કર્યો હતો. આ ફેશન શોમાં ભાગ લેવા માટે શ્રી અશ્વિન સોલંકી વોટ્સએપ ૯૮૨૪૮ ૧૦૦૩૬, શ્રી માધવીબેન રાઠોડ ૯૪૨૬૨ ૧૬૯૦૫ અથવા શ્રી જલ્પાબેન કુબાવત ૯૬૬૪૬ ૯૬૫૦૧નો સંપર્ક કરવા જણાવાયું હતું.

# રાજકોટ સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ચેસ ચેમ્પિયનશીપ યોજાઈ

## વિજેતા કોલેજના છાત્રો અને પોલીસ અધિકારીઓ-કર્મચારીઓનુ સન્માન

રાજકોટ,

ગત તા.૨ના રોજ રાજકોટ શહેર ભકિતનગર પોલીસ સ્ટેશન ખાતે રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી ઝોન-૧ વિભાગના નાયબ પોલીસ કમિશ્નર સજજનસિંહ પરમાર તથા મદદનીશ પોલીસ કમિશ્નર બી.વી. જાદવની ખાસ ઉપસ્થિતિમાં ભકિતનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.એમ. સરવૈયા તથા પોલીસ ઈન્સપેકટર એસ.ડી. ગીલવા દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પ્રજા અને પોલીસ વચ્ચેનું અંતર ઘટે અને સૌહાર્દ સધાય તે હેતુથી એક ઈન્ટ્રામોરલ ચેસ ચેમ્પીયનશીપનું આયોજન કરવામાં આવેલ.




જે અન્વયે એચ.એન. શુકલા સ્પોર્ટસ કોલેજના બીપીઈએસ થર્ડ યરના કુલ ૧૧ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તથા ભકિતનગર પોલીસ સ્ટેશનના કુલ ૧૧ અધિકારી કર્મચારીઓ વચ્ચે ચેસ ચેમ્પીયનશીપ યોજાયેલ.

આ ચેમ્પીયનશીપના અંતે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવેલ વિજેતાઓને ટ્રોફી મેડલ તથા સર્ટીફીકેટ આપી સન્માનીત કરવામાં આવેલ તથા ઉપરોકત પ્રતીયોગીતામાં ઉત્સાહપૂર્વક ભાગ લેનાર તમામ કર્મચારીઓને પણ મેડલ તથા સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ જેમાં પ્રથમ ક્રમાંક પાર્થ નીલેશભાઈ ગોંડલીયા, દ્વિતીય ક્રમાંક શૈલેષ વેલાભાઈ બોસરીયા તથા તૃતીય અદિતીબેન નંદાએ મેળવેલ હતા.

જે તમામ વિજેતાઓને પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ અધીક પોલીસ કમીશ્નર વિધી ચૌધરી તથા ઝોન-૧ વિભાગના ના.પો.કમિશ્નર સજજનસિંહ પરમારના હસ્તે ઈનામ વિતરણ કરી સન્માનીત કરવામાં આવેલ. આ તકે સૌરાષ્ટ્ર યુનિ.ના સીનીયર એનએસએનઆઈએસ હેડ કોચ ચીંતનકુમાર કિશોરભાઈ રાવલે કો.ઓર્ડીનેયર તથા જજ તરીકે સેવા પુરી પાડી હતી.

# રાજકોટ ગિરાસદાર ક્ષત્રિય વકીલ મંડળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર

## ક્ષત્રિય સમાજના કાર્યકરો સામેના કેસ સુપ્રીમ કોર્ટ સુધી ફ્રીમાં લડવાની જાહેરાત

રાજકોટ,

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર કરેલી અભદ્ર ટીપ્પણીનો રાજયભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. ત્યારે ક્ષત્રિય સમાજ દ્વારા ચાલી રહેલા આંદોલનમાં તાજેતરમાં જ પ્રદ્યુમન નગર પોલીસ દ્વારા પુતળા દહન કરનાર ચાર યુવાનો સામે રાજકીય દબાણ હેઠળ ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો જેના વિરોધમા આજે ક્ષત્રિય વકીલ મંડળ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.



રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાએ તાજેતરમાં જ એક કાર્યક્રમમાં રાજા રજવાડા વિશે અભદ્ર ટિપ્પણી કરી હતી જેના કારણે ક્ષત્રિય સમાજના સ્વમાનને ઠેસ પહોંચી હોય અને લાગણી દૂભાઈ હોય જેની સામે રાજ્યભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. પરસોતમ રૂપાલાની ટીકીટ રદ કરવાની માંગણી સાથે ક્ષત્રિય સમાજ દ્વારા શાંતિ પૂર્વક લોકસાહી ઢબે આંદોલન ચલાવી રહ્યા છે. અભદ્ર ટીપ્પણી કરનાર લોકસભાના ઉમેદવાર વિરોધમાં સમગ્ર રાજયમાં ક્ષત્રિય સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવી રહ્યા છે. તેમજ અભદ્ર ટિપ્પણી કરનાર ઉમેદવારના પુતળા દહનનાકાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે જેમાં થોડા સમય પહેલા રાજકોટના રેલનગરમાં ક્ષત્રિય સમાજની બેઠક મળી હતી અને બાદમાં અમુક કાર્યકરોએ પરસોતમ રૂપાલાના પુતળાનું દહન કર્યુ હતું.આ બનાવમાં રાજકીય દબાણને વસ થઈને પ્રદ્યુમન નગર પોલીસે ક્ષત્રિય સમાજના કાર્યકરો સામે ગંભીર કલમો હેઠળ ધરપકડ કરી હતી જેનો ભારે વિરોધ થયા બાદ પોલીસે થુકેલુ ચાટીને ગંભીર કલમો રદ કરીને પકડાયેલા કાર્યકરોને પોલીસ સ્ટેશનમાંથી જ મુક્ત કર્યા હતાં.આ તકે ક્ષત્રિય વકીલ ફાઉન્ડેશન દ્વારા આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ક્ષત્રિય સમાજના કાર્યકરો લોકસાહી ઢબે આંદોલન કરતા હોય તેમની સામે ખોટા ગુના દાખલ નહીં કરવા રજૂઆત કરી હતી. સાથો સાથ ક્ષત્રિય સમાજને ઉશ્કેરવાની કોશીષ કરી હુલ્લર જેવો માહોલ ઉભો કરવાના પ્રયાસો થઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું. વકીલોએ રજૂઆતમાં વધુમાં જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજના કાર્યકરો સામે જો પોલીસ તંત્ર ગુના દાખલ કરશે તો હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ સુધી ક્ષત્રિય વકીલ ફાઉન્ડેશન આવા કાર્યકરોના કેસ ફ્રીમાં લડશે તેમ ઉમેર્યુ હતું.

# રાજકોટ સરગમ કલબ દ્વારા જયપુર ફૂટ કેમ્પમાં ૯૧ દર્દીઓએ લાભ લીધો

રાજકોટ,

રાજકોટ સરગમ કલબ અને લંડન 'માં કૃપા ફાઉન્ડેસશન' જયંતિભાઈ ખંગ્રામના સયુંકત ઉપક્રમે જયપુર કેમ્પલમાં કુલ ૯૧ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૩૪ લેગ (પગ) નાં દદી ૪૧ અને રીપેરીંગ ૧૬ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.



સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને શ્રી જયંતિભાઈ ખંગ્રામના જણાવ્યા. અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કળત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આ કેમ્પમાં મા કૃપા ફાઉન્ડેશિન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ. અશોકભાઈ ડાલિયા, રમેશભાઈ પોપટ, બ્રિજેશભાઈ મોદીનો સહયોગ મળેલ છે. આ કેમ્પમની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા મનુભાઈ માંડલિયા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બ્ર પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, તેમજ મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, આશાબેન ભૂછ્ડાન, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાકસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કથ્રેચા, મિતલબેન ચગ, દિવ્યાબેન ઉમરાણીયા, નિશબેન વડગામા, જાગતિબેન આસોડિયા વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# શનિવારે EVM નું રેન્ડેમાઈઝેશન

## વેરહાઉસમાંથી એઆરઓને બીયુસીયુ વીવીપેટ ફાળવાશે



રાજકોટ,

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં અને સુચારૂ રૂપથી યોજાય તે માટે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ મોટાભાગની તૈયારીઓ પરીપૂર્ણ કરી દેવામાં આવી છે.જેમાં અગાઉ ૧૦૫૦૦ કર્મચારીઓનું પ્રથમ રેન્ડેમાઈઝેશન કરાયા બાદ હવે આગામી શનિવારે ઈવીએમ (વોટીંગ મશીનો)નું રેન્ડેમાઈઝેશન કરવામાં આવેલ છે. જેમાં વિધાનસભા વિસ્તારવાઈઝ ઈવીએમ મશીનો ફાળવી દેવામાં આવશે.

માધાપર ખાતેના ઈવીએમ વેરહાઉસમાંથી ઈવીએમ મશીનો એ.આર.ઓ.ને ફાળવવામાં આવશે. ૩૬૦૨ બીયુ, ૨૯૭૬ સીયુ અને ૩૪૮૯ વીવીપેટ એ.આર.ઓ.ને ફાળવવામાં આવનાર છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, અગાઉ કર્મચારીઓનું પ્રથમ રેન્ડેમાઈઝેશન કરી તેઓને તેમના હોદ્દા ચૂંટણી ફરજ માટે ફાળવી દેવામાં આવેલ હતા. જે બાદ હવે કર્મચારીઓનું બીજુ રેન્ડેમાઈઝેશન આગામી તા.૨૫મીની આસપાસ કરવા જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરાયેલ છે તે પૂર્વે ઈવીએમનું રેન્ડેમાઈઝેશન આગામી શનિવારે કરવામાં આવનાર છે.

મત આપો....લોકશાહી બચાવો....

# રાજકોટની વિવિધ શાળાઓમાં મતદાતા જાગૃતિ કાર્યક્રમો યોજાયા

## શાળાઓમાં સંકલ્પ પત્રોના વિતરણ અને વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી મતદાન વધારવાના પ્રયાસો


રાજકોટ

રાજકોટ સંસદીય મતવિસ્તારની ચૂંટણી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ યોજાનારી છે. લોકસભા સામાન્ય ચુંટણી -૨૦૨૪ અંતર્ગત ભારતભરમાં " મતદાન જાગૃતિ " અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે શાળાઓ પણ મતદાન જાગૃતિનો હિસ્સો બની રહી છે.જેના ઉપક્રમે અધિક કલેકટરશ્રી અને સ્વીપના નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ રાજકોટની વિવિધ શાળાઓમા મતદાન જાગૃતિને પગલે કડવીબાઇ વીરાણી કન્યા વિદ્યાલય ખાતે મતદાન જાગૃતિ સંકલ્પપત્ર વિદ્યાર્થીઓ પાસે ભરાવવામાં આવ્યા હતા. જ્યારે જી.ટી. શેઠ વિદ્યાલય (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ )માં મતદાન જાગૃતિ અંગે સ્પીચ અને નિબંધ લેખન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે મતદાન જાગૃતિ માટેનું નાટક ભજવી લોકોને મત આપવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. સરકારી કન્યા વિદ્યાલય ધોરાજી ખાતે પણ વિદ્યાર્થીઓને સ્વીપ અંગેની જાણકારી તથા મતદાન કરવું એ આપણો અધિકાર છે તે વિશે વધુ માહિતી અપાઇ હતી અને વિદ્યાર્થીઓને મતદાન માટે પ્રેરિત કરાયા હતા. આમ, શાળાઓમા સંકલ્પ પત્રોના વિતરણ અને વિવિધ સ્પર્ધાના માધ્યમથી મતદાન વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.



# રાજકોટ કુવાડવા પોલીસ સ્ટેશનની મુલકાત લેતાં નવાગામ આણંદપરની સ્કૂલના છાત્રો



રાજકોટ,

રાજકોટ શહેરના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે નવાગામ આણંદપરની મહાવીર સ્કૂલના છાત્રોની મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ છાત્રોને પોલીસ સ્ટેશનના દરેક વિભાગો જેમ કે સાયબર ક્રાઇમ, સર્વેલન્સે સ્વોકાત ડ, ઈન્વેસ્ટીગેશન રૂમ, એકાઉન્ટ તથા એમઓબી, ફિંગરપ્રિન્ટ. શાખા, પીએસઓ, કોમ્પ્યુટર વિભાગ સહિતની મુલાકાત કરાવી માહિતી આપવામાં આવી હતી. સાયબર ફ્રોડ કઇ રીતે થાય? તેમાંથી કઇ રીતે બચાય તેની સમજ પણ અપાઇ હતી. તેમજ ભણતર સાથે રમત-ગમત પણ જરૂરી છે તે સમજાવાયું હતું. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, સુરક્ષા સેતુના નોડલ ઓફિસર એમ.આઇ. પઠાણની રાહબરીમાં પીઆઇ વી.આર. રાઠોડ, કોનસ. સંજયભાઇ મંઢ, શીતલબેન કુંડારીયાએ છાત્રોને માહિતગાર કર્યા હતાં.

# જામનગરમાં 'આપ'નો સાવરણો છોડી પ્રમુખ સહિતના હોદેદારોનો ભાજપ પ્રવેશ





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ સહિતના હોદેદારોએ રાજીનામાં ધરી દીધા પછી ગઈકાલે સમગ્ર ટીમેં ભાજપમાં પ્રવેશમાં પ્રવેશ કરી લીધો છે, અને શહેર ભાજપ પ્રમુખ, સંસદ સભ્ય, ધારાસભ્ય સહિતના હોદેદારોની વચ્ચે તેઓને ભાજપમાં પ્રવેશ અપાયો છે. આમ આદમી પાર્ટીના જામનગર શહેરના પ્રમુખ કરસનભાઈ કરમુર, ઉપપ્રમુખ આશિષભાઈ સોજીત્રા, અને આશિષભાઈ કંટારીયા, ઉપરાંત અશ્વિનભાઈ પ્રજાપતિ સહિતના ૧૭ થી વધુ હોદેદારોએ 'આપ' પાર્ટીમાંથી રાજીનામા આપી દેતાં ભારે હલચલ મચી ગઈ હતી. દરમિયાન ગઈકાલે આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ કરસનભાઈ કરમુર, કે જેઓ અગાઉ ભાજપમાં જ હતા, અને "આપ" પાર્ટી સાથે જોડાયા હતા. જેઓએ પોતાની ટીમ સાથે રાજીનામું આપ્યા પછી ભાજપમાં પુનઃ જોડાઈ ગયા છે. ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ ડો. વિમલભાઈ કગથરા, જામનગર જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જામનગર જિલ્લા ભાજપના પ્રમુખ રમેશભાઈ મૂંગરા, જામનગરના મેયર વિનોદભાઈ ખીમસુરીયા ઉપરાંત શહેર અને જિલ્લા ભાજપના અન્ય હોદેદારો- અગ્રણીઓ ની હાજરી માં કરશનભાઈ કરમુર અને સમગ્ર ટીમને ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરાવીને તમામનું પાર્ટીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ધ્રોલમાં મોબાઈલની બે દુકાનમાં વિકરાળ આગ ભભૂકી

## બન્ને દુકાનોમાં લાખ્ખોનું નુકશાન થયાનું અનુમાન : દૂર દૂર સુધી આગના લબકારાઓ જોવા મળ્યા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે આવેલા ગાંધી ચોકમાં બે મોબાઈલની દુકાનમાં ગઈકાલે રાત્રિના સમયે એકાએક આગ ભભૂકી ઉઠી હતી અને જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, તેમજ દૂર દૂર સુધી આગના ધૂમાડાઓ દેખાતા હતા. દરમ્યાન બનાવની જાણ થતાં નગરપાલિકાની ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. આગને કાબૂમાં લેવાની કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે, ધ્રોલના મુખ્ય ગણાતા ગાંધી ચોક વિસ્તારમાં બુધવારે રાત્રે મોબાઈલની જુદી જુદી બે દુકાનોમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જેના કારણે થોડી જ ક્ષણોમાં વિકરાળ જવાળાઓ પ્રસરી જતા ધૂમાડાના ગોટેટોગા ઉડયા હતા. આ બનાવની જાણ થતાં નગરપાલિકાની ફાયર શાખાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને પાણીનો મારો ચલાવી આગને બુઝાવવા કવાયત હાથ ધરી હતી.

આ આગ એટલી વિકરાળ હતી કે, સંબંધિત વિસ્તારમાં વીજ સપ્લાય પણ અવરોધાઈ હતી. જેના કારણે અંધારપટ જેવી સ્થિતિ જોવા મળી હતી. આગના બનાવની જાણ થતાં સ્ળ પર મોટી સંખ્યામાં ટોળુ એકત્ર થઈ ગયું હતું. જયારે પીએસઆઈ પનારા સહિતની પોલીસની ટીમ પણ સ્થળ પર દોડી ગઈ હતી. આ આગ કયા કારણોસર લાગી હતી તેમજ બન્ને મોબાઈલની દુકાનોમાં કેટલી નુકશાની થવા પામી છે તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં હાપા વિસ્તારમાં દિનદહાડે ખેડૂત પરિવારના મકાનમાં તસ્કરો ત્રાટકયા

## રૂપિયા ૨.૧૦ લાખની કિંમતના આઠ તોલા સોનાના ઘરેણાં ચોરી જતા પોલીસ ટૂકડી ઘટનાસ્થળે દોડી ગઈ

જામનગર : જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડની સામેના વિસ્તારમાં રહેતા એક ખેડૂત પરિવારના રહેણાક મકાનને કોઈ તસ્કરોએ ધોળે દહાડે નિશાન બનાવી લીધું હતું અને બપોરના ચાર કલાકના સમયગાળા દરમિયાન મકાનમાંથી રૂપિયા ૨,૧૦,૦૦૦ની કિંમતના સાડા આઠ તોલા સોનાના દાગીનાની ચોરી કરી લઇ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતાં પોલીસ તંત્ર દોડતું થયું છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે, જામનગરમાં હાપા માર્કેટિંગ યાર્ડ સામેના રેલવેની ફાટકના બાજુમાં આવેલી વાડી વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરતા ધર્મેશભાઈ દેવશીભાઈ ચૌહાણ નામના સતવારા ખેડૂત ના રહેણાંક મકાનને ગઈકાલે ધોળે દહાડે કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું. બપોરે ૧.૦૦ વાગ્યાથી સાંજે ૫.૪૫ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ તસ્કરો મકાનમાં ઘૂસ્યા હતા અને અંદરના રૂમમાં રહેલા કબાટને વેરણ છેરણ કરી નાખ્યો હતો.

કબાટની તિજોરીમાં રાખવામાં આવેલા જુદા જુદા સાડા આઠ તોલા સોનાના દાગીના, કે જેની કિંમત બે લાખ દસ હજાર રૂપિયા થવા જાય છે. જે ઘરેણાની તસ્કરો ચોરી કરી લઈ ગયા હતા. સાંજે ૫.૪૫ વાગ્યે ખેડૂત પોતાને ઘેર આવ્યા, ત્યારે ચોરી થઈ ગઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી તેમણે તુરત જ સિટી એ. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. જેથી પી.એસ.આઇ. વી. આર. ગામેતી પોતાના સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા છે અને તસ્કરોને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી છે.

# જામનગરમાં સાસરિયાઓના ત્રાસથી કંટાળી પરીણિતાએ કરી આત્મહત્યા

## પતિ, સાસુ, સસરા સહિત પાંચ સામે મૃતકના પિતાએ નોંધાવી ફરિયાદ

જામનગર : જામનગરમાં રામેશ્વર નજીક નંદન પાર્ક-૧માં રહેતી ૨૬ વર્ષની પરણીતાએ ગઈકાલે બપોરે પોતાના ઘેર સાસરિયાઓના ત્રાસના કારણે ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. જે બનાવ મામલે પરણીતાને મૃત્યુના મુખમાં ધકેલી દેનાર પતિ સાસુ સસરા સહિતના પાંચ સાસરીયાઓ સામે પોલીસે ગુનો નોંધ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં રામેશ્વર નગર નજીક નંદન પાર્ક શેરી નંબર -૧માં રહેતી પરીતાબેન મોહનભાઈ ભરડવા નામની ૨૬ વર્ષની પરણીતાએ ગઈકાલે બપોરે પોતાના ઘેર સાસરિયાઓના ત્રાસથી કંટાળી જઈ ગળાફાંસા દ્વારા આપઘાત કરી લેતાં ભારે ચકચાર જાગી છે. આ બનાવ બાદ મૃતક પરિતાબેનના પિતા દામજીભાઈ વજશીભાઈ મંડોરા કે જેઓ




તસવીર: સુનિલ ચુડાસમા

ઢીચડા રોડ પર તિરુપતિ પાર્કસોસાયટીમાં રહે છે. તેઓ પોતાની પુત્રીના સાસરીયામાં દોડી આવ્યા હતા, જ્યાં હાજર રહેલા પી.એસ.આઇ. એન. એમ. ઝાલા સમક્ષ પોતાની પુત્રીને સાસરિયાઓનો ખૂબ જ ત્રાસ હતો અને તેઓના ત્રાસના કારણે જ પોતાની પુત્રી પરીતાબેને તંગ આવી જઇ ગળાફાંસા દ્વારા આપઘાત કરી લીધો હોવાનું જણાવ્યું હતું.

જેથી પોલીસે મૃતકના પિતા દામજીભાઈ મંડોરાની ફરિયાદના આધારે પરીતાબેનના શ્વસુર પક્ષના સભ્ય સાસુ ગીતાબેન કરસનભાઈ ભરડવા સસરા કરસનભાઈ ભરડવા, પતિ મોહનભાઈ કરસનભાઈ ભરડવા, ઉપરાંત ચેતનભાઇ કરસનભાઈ ભરડવા અને પાયલબેન ચેતનભાઇ ભરડવા સામે સ્ત્રી અત્યાચાર ધારા હેઠળ અને પરીતાબેનને મૃત્યુના મુખમાં ધકેલી દેવા અંગેની આઈપીસી કલમ ૩૦૬, ૪૯૮-અ અને ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે. આ બનાવને લઈને રામેશ્વર નગર વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે.

# જામનગરમાં હોટલમાં બાળમજૂરી કરી રહેલા બે બાળકોને પોલીસે મુક્ત કરાવ્યા

## સગીરવયના બાળકો પાસે કામ કરાવનાર હોટલના સંચાલકની અટકાયત

જામનગર : જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં આવેલી એક ચા ની હોટલમાં સગીરવયના બાળકો કામ કરતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો, અને બાળમજૂરી કરી રહેલા બે બાળકોને મુક્ત કરાવ્યા છે, અને તેના વાલીને સોંપી દીધા છે. જયારે હોટલ સંચાલકની સામે ગુનો નોંધી તેની અટકાયત કરી લેવામાં આવી છે.

જામનગરના પોલીસ ના એ.એચ.ટી.યુ. વિભાગના પોલીસ ઈન્સ્પેકટર એન.ડી. સોલંકી અને તેમના સ્ટાફને ચોક્કસ માહિતી મળી હતી, કે જામનગરમાં ખોડીયાર કોલોની નજીક મેહુલ નગર રોડ પર આવેલી કાનો માલધારી ટી સ્ટોલમાં નાના બાળકોને કામે રાખીને બાળમજૂરી કરાવી બાળકોનું શારીરિક તેમજ આર્થિક શોષણ કરવામાં આવે છે.

જે માહિતીના આધારે એ. એચ. ટી.યુ. ની પોલીસ ટીમે ગઈકાલે સાંજે દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ૧૬ વર્ષથી નાની વયના બે સગીર બાળકો કામ કરી રહેલા મળી આવ્યા હતા. જેથી પોલીસ ટીમે બંને બાળકોના વાલીને સ્થળ પર બોલાવી લીધા હતા, અને તેઓનો કબજો વાલીને સોંપી દઇ ફરીથી બાળકોને કામે નહીં મોકલવા સૂચન કર્યું હતું. ઉપરાંત હોટલના સંચાલક નિલેશ નથુભાઈ માડીયા સામે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ ની કલમ ૭૯ મુજબ કાર્યવાહી કરી તેની અટકાયત કરી લેવામાં આવી છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એન.ડી. સોલંકી તેમજ સ્ટાફના એએસઆઈ રણમલભાઈ ગઢવી, રાજદિપસિંહ ઝાલા, કિરણબેન મેરાણી, અને ભાવનાબેન સાબડીયા વગેરે કરી હતી.


# ફલ્લા પાસે વાહન અકસ્માતમાં ઈજાગ્રસ્ત વધુ એક મહિલાનું સારવારમાં મોત

જામનગર : વાંકાનેર પંથકના યાત્રાળુઓ દ્વારકા દર્શનાર્થે ટ્રેક્ટરમાં બેસીને જઈ રહ્યા હતા. જે દરમિયાન ફલ્લા નજીક એક કારના ચાલકે ટ્રેક્ટરને ઠોકર મારતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં વાંકાનેર પંથકની કિરણબેન જયરાજભાઇ વિજવાડિયા નામની ૧૯ વર્ષની યુવતીને ગંભીર ઈજા થઈ હોવાથી તેણીનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જયારે અન્ય ૧૭ જેટલા યાત્રાળુઓ ઈજાગ્રસ્ત બન્યા હતા.

ઉપરોક્ત અકસ્માતના બનાવમાં વધુ એક મહિલા શાંતાબેન શામજીભાઈ વિજવાડિયાનું જામનગરની સરકારી જી. જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું, જેથી આ અકસ્માતના બનાવવામાં મૃત્યુનો આંક બેનો થયો છે. જયારે અન્ય ૧૬ વ્યક્તિ સારવાર હેઠળ છે. જે પૈકીના અન્ય એક વૃદ્ધની હાલત ગંભીર ગણાવાઈ રહી છે.

સમગ્ર ઘટનાની જાણ થતા વાંકાનેર પંથકના મૃતક અને ઈજાગ્રતના પરિવારજનો જામનગરની સરકારી જી. જી. હોસ્પિટલમાં દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોની સારવારમાં મદદ કરી હતી, તેમજ અન્ય ઈજાગ્રસ્તોને વાંકાનેર અથવા રાજકોટ ખસેડવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર બનાવ મામલે પંચકોષી એ. ડિવિઝન પોલીસ મથકના પીએસઆઇ એ. કે. પટેલે કારચાલક સામે ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં બીમારીથી મૃત્યુ પામેલ વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળી આવ્યો



જામનગર : જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાંથી એક વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં તેણીનુ બીમારીના કારણે મૃત્યુ નીપજયું હોવાનું તારણ નીકળ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં પેટ્રોલ પંપ નજીકના ભાગમાં એક મહિલા મૃત હાલતમાં પડેલા છે, તેવી માહિતી પોલીસને મળતાં સીટી સી. ડિવિઝનના પી.એસ.આઇ. એમ.પી. જોશી તેમજ એ.એસ.આઈ. ફિરોઝભાઈ દલ ઘટના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. દરમ્યાન પોલીસ તપાસમાં મૃતક મહિલાનું નામ સકુબેન દેવરાજભાઈ જાદવ ઉંમર વર્ષ ૬૧ અને મુંબઈ દવા બજાર કોલોની વિસ્તારમાં રહેતી હોવાનું જાણવા મળ્યું હતું. જેના પરિવારને શોધીને મૃતદેહનો કબ્જો શોપી દીધો હતો. પોસ્ટમોર્ટમ દરમિયાન બીમારીના કારણે તેણીનું મૃત્યુ નિપજયું હોવાનું તારણ નીકળ્યું છે.

# ખંભાળિયા-ભાણવડમાં મતદાન અંગે ગેસ સિલિન્ડરમાં લાગ્યા સ્ટીકરો

દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વધુને વધુ મતદારો પોતાના પવિત્ર મતદાનની ફરજ અદા કરે તે માટે સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટ્રોલ પાર્ટીશીપેશન) ઝુંબેશ અંતર્ગત નવતર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, ત્યારે ખંભાળિયા અને ભાણવડ ખાતે ગેસ સિલિન્ડર પર મતદાન કરવા પ્રેરણા આપતા સ્ટીકર



લગાવી મતદારોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગેસ સિલિન્ડર પર મતદાનની જાગૃતિના સ્ટીકર લગાવવામાં આવ્યા છે. જેમાં 'યાદ રાખો તા. ૦૭/૦૫/૨૦૨૪', 'હું ચોક્કસપણે મતદાન કરીશ જ....' સહિતની વિગતો આપવામાં આવી છે. આમ મહિલા મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનોખો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

# ફલ્લા નજીક જીવલેણ અકસ્માતમાં કાર ચાલક સામે ગુન્હો નોંધાયો

જામનગર : વાંકાનેર પંથકના યાત્રાળુઓ દ્વારકા દર્શનાર્થે ટ્રેક્ટરમાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે ફલ્લા નજીક એક કારના ચાલકે ટ્રેક્ટરને ઠોકર મારતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં વાંકાનેર પંથકની કિરણબેન જયરાજભાઇ વિજવાડિયા નામની ૧૯ વર્ષની યુવતીને ગંભીર ઈજા થઈ હોવાથી તેણીનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય ૧૭ જેટલા યાત્રાળુઓ ઈજાગ્રસ્ત બન્યા હતા.

ઉપરોક્ત અકસ્માતના બનાવ અંગે વાંકાનેર પંથકના ભીમગુડા ગામના કરસનભાઈ જુગાભાઈ વિજાવડીયાએ અકસ્માત સર્જનાર જીજે ૩૭ એમ. ૬૪૬૫ નંબરની કારના ચાલક સામે પંચકોષી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પીએસઆઇ એ. કે. પટેલે કારચાલક સામે ગુનો નોંધાયો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્રમાં સવારે આંશિક વાદળછાંયુ વાતાવરણ છવાયું

## વાદળો અને ઠંડાપવનનાં કારણે ગરમીમાં થોડી રાહત



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છનાં વિવિધ સ્થળોએ આજે સવારે આંશિક વાદળ છાંયુ વાતાવરણ છવાયું હતું. અને વાદળો તથા સૂર્ય દેવતા વચ્ચે છુપાછુપીની રમત રમાતી રહી હતી.દરમ્યાન ગઈકાલે પણ બપોરે વિવિધ સ્થળોએ આકરો તાપ અનુભવાયો હતો.

ગઈકાલે રાજકોટનું મહત્તમ તાપમાન ૩૮.૭ ડિગ્રી અમદાવાદમાં -૩૮, અમરેલીમાં ૩૮.૪, વડોદરામાં ૩૭.૪, ભાવનગરમાં ૩૭.૫, ભૂજમાં ૩૬.૫, ડિસામાં ૩૬.૨, દિવમાં ૩૩.૧, દ્વારકામાં ૩૦.૧, તથા ગાંધીનગર ખાતે ૩૮ ડિગ્રી, કંડલામાં ૩૨.૫, સુરતમાં ૩૬.૬, અને સુરેન્દ્રનગર ખાતે ૩૭.૮, ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.તેમજ જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે જેને પગલે બુધવારે શહેરનું મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી થયું હતું જ્યારે લઘુત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૫ ટકા પહોંચ્યું છે.સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે મિશ્ર ઋતુ અનુભવાય હતી.

જામનગરમાં છેલ્લા કેટલાય સમયથી તાપમાનમાં સતત ચઢાવવાનો દોર જોવા મળી રહ્યો છે. જેને પગલે મિશ્ર ઋતુનો અનુભવ શહેરીજનો કરી રહ્યા છે. ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે.આજે શહેરનું મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી નોંધાયો હતુ. આથી બપોર દરમિયાન સૂર્યનારાયણનો આંકરો મિજાજ નો અનુભવ કર્યો હતો.

તો છેલ્લા ત્રણ ચાર દિવસથી બપોર બાદ પવન નીકળી રહ્યો છે. જેને પગલે રાત્રી દરમિયાન વાતાવરણમાં ઠંડક જોવા મળે છે. લઘુતમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો શહેરનું મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી નોંધાયો હતો જ્યારે લઘુત્તમ તાપમાનનો પારો છેલ્લા ૨૪ કલાકથી ૨૧ ડિગ્રી સેલ રહ્યો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૫ ટકા રહ્યું હતું જ્યારે પવનની ગતિ ૯.૮ કિલોમીટર પ્રતિ કલાક હતી. બપોરે ગરમી અને સાંજે ઠંડકના પગલે શહેરીજનોના સ્વાસ્થ્ય પર પણ અસર પડી રહી છે આથી હોસ્પિટલમાં તાવ પેટ માથાના - દુખાવા સહિતના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.

# રાજકોટ સહિત ત્રણ તાલુકાના ૨૨ ગામોમાં ઉનાળાના પ્રારંભ સાથે જ પીવાના પાણી અછત

## સરકારે કલેકટર- ડીડીઓ પાસેથી વિગતો મંગાવી: ટેક્રરો શરૂ કરવા જિલ્લાકક્ષાએ સત્તા અપાશે



રાજકોટ,

કાળઝાળ ઉનાળો શરૂ થઈ ગયો છે, ૪૦ ડીગ્રીથી વધુ અગનવર્ષા થઈ રહી છે, અને તે સાથે રાજકોટ જીલ્લામાં ૨૨ થી વધુ ગામોના હજારો લોકોમાં પીવાના પાણી પ્રશ્ને ભારે દેકારો શરૂ થયો છે, પીવાના પાણીના ટેક્રરોના ફેરાની ડીમાન્ડ વધી છે, લોકોમાં પ્રચંડ રોષ છે, અમૂક ગામોમાં તો પાંચ દિવસથી પીવાનું પાણી અપાયું નથી, પાણી-પુરવઠા બોર્ડના અધીકારીઓ સામે ભારે આક્રોશ ગામડાની પ્રજા ઠાલવી રહી છે, ગાંધીનગર સુધી પડઘા પડતા ત્યાં થી કલેકટર-ડીડીઓ ઉપર તાકિદે યોગ્યક કરવા સૂચનાઓ આવી છે.

વિગતો મુજબ રૂડાના રોણકી-માધાપર-ઘંટેશ્વર-કાંગશીયાળી-સહિતના ૧૧ ગામો તો વિંછીયા-ઉપલેટા પંથકના ૧૦ ગામોની પ્રજામાં પાણી માટે વલ્ખા શરૂ થયા છે. આ બાબતે કલેકટરે પત્રકારોને જણાવેલ કે ડીડીઓ પાસેથી ગામોની યાદી મંગાવી છે, આજે વીસીમાં વાસ્મો-પાણી પુરવઠા તંત્રના અધિકારીઓ-પ્રાંત અધિકારીઓને પાણી પ્રશ્ન હલ કરવા સૂચના આપી દેવાશે, ટેક્રરોની ડીમાન્ડપ સંદર્ભે પાણી કમિટીની મીટીંગમાં ટેક્રરો મંજૂર કરવા અંગે એસ.ડી.એમ. ને અધીકારો આપી દેવાશે, પીવાના પાણીનો પ્રશ્નન તાકિદે હલ કરી લેવાશે.

# રાજકોટ શહેરમાં ૫૧ વેપારીઓ પ્રતિબંધીત પ્લાસ્ટીક વેચતા પકડાયા : રૂ.૫૮ હજારનો દંડ

## મનપા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગનો સપાટો : ચેકીંગ દરમ્યાન ૬૭ કીલો પ્લાસ્ટીક જપ્ત



રાજકોટ,

રાજકોટ મહાપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ – ૨૦૨૧ અન્વયે ત્રાણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં આજ તા. ત્રાણેય ઝોનમાંથી કુલ ૫૧ વેપારીઓ પાસેથી ૬૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૭,૮૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

આ અંગેમનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ સોલીડ વેસ્ટ શાખા દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત જોતાં સેન્ટ્રલ ઝોન- સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪ પાસેથી ૬૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોન -વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૨ કિ.ગ્રા. ક્ષ્પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫,૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોન- ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ પાસેથી ૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૨,૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રાણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવી છે.

# રાજકોટના ગાંધીગ્રામ હરસિધ્ધી સોસાયટીના યુવાનનો આજી ડેમમાં કૂદી આપઘાત

## યુવાનની સગાઈ થઈ ચુકી હતી: બે બહેનનો એક જ ભાઈ હતો : પરિવારમાં શોક



રાજકોટ,

રાજકોટ શહેરના ગાંધીગ્રામમાં હરસિધ્ધી સોસાયટીમાં રહેતાં અને લોન કન્સલ્ટન્ટ તરીકે નોકરી કરતાં ૨૫ વર્ષના યુવાને રાતે આજીડેમમાં ઝંપલાવી દેતાં તે વખતે ત્યાં થી કોઈ રાહદારી નીકળતાં તેણે કાઠા પર મોબાઈલ ફોન, વાહન પડયા હોઈ તેમાંથી સગા સંબંધીઓને જાણ કરતાં તેઓ પહોંચ્યા હતાં. ફાયર બ્રિગેડે યુવાનને બેભાન હાલતમાં બહાર કાઢી હોસ્પિટલમાં ખસેડયો હતો. પરંતુ ત્યાંર તેણે દમ તોડી દીધો હતો.

જાણવા મળ્યા મુજબ આજીડેમમાં એક યુવાન કૂદી ગયો હોવાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ એમ્યુન્સ, મિંદડી, રસ્સો સહિતના સાધનો સાથે પહોંચી હતી. દસેક મિનીટની જહેમત બાદ યુવાનને બહાર કાઢી લીધો હતો. તેનું નામ ધવલભાઈ દિનેશભાઈ સવાણી હોવાનું અને તે ગાંધીગ્રામ સ્ટિર્લિંગ હોસ્પિટલ પાછળ હરસિધ્ધીધામ સોસાયટી-૧માં રહેતો હોવાનું ત્યાં હાજર લોકોએ જણાવ્યું હતું. તેને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલે ખસેડયો હતો. ઘટના સ્થળે આ યુવાનના પિતા દિનેશભાઈ સવાણી હાજરીમાં ફાયર બ્રિગેડના ભીખાભાઈ, શાહરૂખ ખાન, વિશાલભાઈ, ભરતસિંહ, મહેશભાઈ સહિતે આ કામગીરી કરી હતી.

ધવલભાઈને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યોઇહતો. પરંતુ ટુંકી સારવારને અંતે દમ તોડી દેતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. પરિવારજનોના કહેવા મુજબ આપઘાત કરનાર ધવલભાઈ બે બહેનનો એકનો એક મોટો ભાઈ હતો. તેના પિતા છુટક મજૂરી કરે છે. પોતે ઘરનો આધારસ્તંભ હતો. તેની સગાઈ સુરત ખાતે થઈ હતી. ધવલભાઈ ગાંધીગ્રામ પોલીસ સ્ટે શન નજીક મોદી સ્કૂનલ પાસે આવેલી ઓફિસમાં લોન કન્સ લ્ટઇન્ટ તરીકે નોકરી કરતો હતો. તે ગઈકાલે નોકરીના સ્થળેથી જ નીકળી ગયો હતો અને આજીડેમે જઈ આ પગલુ ભરી લીધુ હતું. પોલીસે તપાસ યથાવત રાખી છે. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ અને ભાવેશભાઈ મકવાણાએ આજીડેમ પોલીસને જાણ કરતાં હેડકોન્સ. જયદિપભાઈ એમ. બોસીયા સહિતે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટના રાજીવનગરમાં આર્થિક ભીંસથી કંટાળી યુવાને જીવતર ટૂંકાવી નાખ્યું

રાજકોટ,

રાજકોટના રાજીવનગરમાં આર્થિકભીંસથી કંટાળી શબ્બીર જાડેજા નામના યુવકે ગળાફાંસો ખાઈ જીવનદોરી ટુંકાવી આપઘાત કરી લેતા પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.પ્રાપ્ત વિગત મુજબ, રૂખડીયા પરામાં રાજીવનગર ૩માં રહેતાં શબ્બીરભાઈ જુસબભાઈ જાડેજા (ઉ.વ.૪૪) એ ગઈકાલે રાતે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.બનાવ અંગે પરીવારને જાણ થતાં તેમને નિચે ઉતારી સારવારમાં સીવીલ હોસ્પિટલે ખસેડતા ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતાં.બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરતાં એએસઆઈ અરૂણા વરૂ સ્ટાફ સાથે દોડી ગયા હતાં. અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમમાં ખસેડયો હતો. વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે મૃતક કારખાનામાં મજુરી કામ કરતાં તેઓએ છેલ્લા ત્રણ મહીના પહેલાં તેમને કામે જવાનું બંધ કર્યુ હતું. અને તેમને લિધેલ બે લોનના હપ્તાચડી જતાં આર્થીક તંગીથી કંટાળી પગલું ભર્યાનુ સામે આવ્યું હતું.મૃતકને સંતાનમાં બે પુત્ર છે બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

# રાજકોટના નિવૃત ડે. ઈજનેર સહિતના યાત્રિકો સાથે ટૂર પેકેજના નામે રૂપિયા ૬.૬૬ લાખની ઠગાઈ

## પેકેજ બૂકીંગના નામે રોકડા લઈ ફોન બંધ કરી દીધો : ચારધામ યાત્રા સ્વ ખર્ચે પુરી કરી : સાયબર ક્રાઈમમાં ફરિયાદ

રાજકોટ,

રાજકોટ શહેરમાં રહેતાં સિંચાઈ ખાતાના નિવૃત ડે. એન્જીનિયર અને તેમના ગ્રુપના ૨૨ લોકોને ચારધામ યાત્રાએ જવું હોઈ ઓનલાઈન સર્ચ કરી અતિથી ટ્રીપ હોલીડેના પ્રદિપ શર્માનો સંપર્ક કરતાં તેણે પેકેજ બૂકીંગના નામે રૂા. ૬,૬૬,૯૯૯ એડવાન્સમાં મેળવી લઈ યાત્રીઓને હરિદ્વાર પહોંચ્યાર બાદ ટૂર પેકેજ મળી જશે તેમ કહેતાં આ યાત્રીઓ હરિદ્વાર જતાં ત્યાં કોઈ ટૂર પેકેજ બૂકીંગ ન મળતાં છેતરાયાની ખબર પડતાં પોતાના ખર્ચે ચારધામ યાત્રા પુરી કરી રાજકોટ આવ્યા બાદ પોલીસ ફરિયાદ કરી છે.

આ બનાવમાં સાયબર ક્રાઈમ પોલીસે ગુરૂપ્રસાદ સોસાયટી બ્લોક નં. ૬ દોશી હોસ્પિટલ પાછળ રહેતાં અને ગુજરાત સરકાર સિંચાઈ ખાતામાં ડેપ્યુટી એન્જીનીયર પદેથી નિવૃત થયેલા પ્રદિપભાઈ ઉપેન્દ્રભાઈ રાવલ (ઉ.વ.૬૨)ની ફરિયાદ પરથી બે અલગ અલગ મોબાઈલ નંબરના ધારક પ્રવિણ શર્મા, બેંક ઓફ ઈન્ડિઈયાના એક એકાઉન્ટુ ધારક સહિતની સામે ચારધામ યાત્રાની ટૂર બૂકીંગના નામે રૂા. ૬,૬૬,૯૯૯ પડાવી લેવાયાનો ગુનો દાખલ કર્યો છે.

પ્રદિપભાઈ રાવલે જણાવ્યું છે કે હું હાલ નિવૃત જીવન જીવુ છું અને પરિવાર સાથે રહુ છું. તા. ૧૯/૬/૨૩ના રોજ હું ઘરે હતો અને અમારે ચારધામ યાત્રાએ જવું હોઈ જેથી ઓનલાઈન ચારધામ યાત્રા પેકેજ સર્ચ કરતાં અતિથી ટ્રીપ હોલીડેઝ નામની ટૂર કંપની જોવા મળી હતી. જેમાં પ્રવિણ શર્માના નામથી મોબાઈલ નંબર હોઈ તેના પર કોન્ટેટક્ટો કર્યો હતો. જેથી ફોન રિસીવ કરનારે ચારધામ યાત્રાની ટૂર માટે એક વ્યક્તિો દીઠ રૂા. ૩૦ હજારની ફી જણાવી હતી. અમારે મિત્ર સર્કલ મળી કુલ ૨૬ લોકોને યાત્રામાં જવું હોઈ ફુલ પેકેજના રૂા. ૭,૮૦,૦૦૦ મને જણાવતાં અને એડવાન્સ પેમેન્ટ જમા કરવાનું કહેવાતાં મેં બીજા સભ્યો સાથે વાતચીત કરી ફોન કરનારે અમને વિશ્વાસમાં લઈ અલગ અલગ બેંકના એકાઉન્ટમાં રૂા. ૬,૬૬,૯૯૯ની રકમ ટ્રાન્સ ફર કરી દીધી હતી તા. ૨૧/૯/૨૩થી ૧૦/૧૦/૨૩નું પેકેજ આપતાં અમે ૨૧/૯ના રોજ હરિદ્વાર પહોંચી ગયા હતાં. ત્યાાં જઈ અમે ફોન કરતાં ખબર પડી હતી કે અમારુ કોઈ પેકેજ ત્યાં બૂક થયું જ નથી. આથી અમે ફોન જોડતાં ફોન બંધ થઈ ગયો હતો. ૨૨/૦૯ના ૨જ અમે કનખલ પોલીસ સ્ટેશન હરિદ્વાર ખાતે આ બનાવની જાણ કરી હતી. ત્યારરબાદ આમારા ખર્ચે ચારધામ યાત્રા કરી પરત રાજકોટ આવી સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ખાતે હેલ્પલાઈન નંબર ૧૯૩૦માં ફરિયાદ કરી છે તેમ વધુમાં પ્રદિપભાઈ રાવલે જણાવતાં એસીપી બી. બી. બસીયાની રાહબરીમાં પીઆઈ એમ. એ. ઝણકાતે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાજકોટ રોહીદાસપરામાં ગૌ માંસ વેંચતા મહિલા સહિત એક પકડાયો : સાધનો જપ્ત

રાજકોટ,

રાજકોટ જુના મોરબી રોડ પર રોહીદાસપરામાં એક ઓરડીમાં મહિલા ગૌ માંસનું વેંચાણ કરતાં હોવાની ગૌ રક્ષક કાર્યકરની માહિતીને આધારે બી-ડિવીઝન પોલીસે ગૌ રક્ષકોને સાથે રાખી દરોડો પાડતાં ૧૦૦ કિલો માંસ અને માંસ કાપવાના સાધનો મળી આવ્યા હતાં. એફએસએલ રિપોર્ટમાં આ માંસ ગૌ માંસ હોવાનો રિપોર્ટ આવતાં ગુનો નોંધી બંનેની ધરપકડ કરવામાં આવી છે. સોખડા તરફથી મૃત ગાય લાવી તેનું માંસ આ બંને વેંચતા હોવાની પ્રાથમિક વિગતો ગૌ રક્ષકોને મળી હતી.

આ મામલે બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે. સી. સોઢાની ફરિયાદ પરથી કુવાડવા રોડ રોહીદાસપરા-૧૧માં પીન્ટુરાજ લેધર્સ સપ્લાયર કારખાનાની બાજુમાં રહેતાં મંજુબેન મનજીભાઈ પરમાર (ઉ.વ.૬૦) તથા મહેશ પરમાર (ઉ.વ.૨૫) વિરૂધ્ધ આઈપીસી ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૬ (બી), ૮ મુજબ ગુનો નોંધી તેના કબ્જામાંથી આશરે ૧૦૦ કિલો ગૌમાંસ રૂપિયા ૫ હજારનું તથા કતલ કરવાના સાધનો રૂા. ૧૨૦ના કબ્જે કરી બંનેની ધરપકડ કરી છે.

બી-ડિવીઝન પીઆઈ એસ. એમ. જાડેજાની રાહબરીમાં પીએસઆઈ એ. બી. ચૌધરી, એએસઆઈ કે. સી. સોઢા સહિતે ધરપકડની કાર્યવાહી કરી પ્રાથમિક પુછતાછ કરતાં બંનેએ સોખડા તરફથી ગૌ માંસ લાવતાં હોવાનું રટણ કર્યુ હતું. વધુ તપાસ યથાવત રાખવામાં આવી છે.

# રાજકોટના મેંગો માર્કેટ પાસે ઈમીટેશનના કારખાનામાંથી રૂપિયા ૧.૦૨ લાખના પીતળના દાગીનાની ચોરી

રાજકોટ,

રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી પાસે મેંગો માર્કેટ પાસે આવેલા અથર્વ એન્ટરપ્રપ્રાઈઝ નામના ઈમીટેશનના કારખાનાને નિશાન બનાવી તસ્કરો રૂા. ૧.૦૨ લાખના ૮૫ કિલો પીતળના દાગીના ચોરી જતા ફરિયાદ થઈ છે.આડો પેડક રોડ પર ગુજરાત સોસાયટી મેઈન રોડ પર શ્યામ પાર્ક શેરી નં. ૧ માં રહેતા વિનોદભાઈ પરષોતમભાઈ લીંબાસીયા (ઉ.વ. ૫૮) એ બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વિનોદભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે ગ્રીનલેન્ડ ચોકડી પાસે મેંગો માર્કેટ પાસે 'અથર્વ એન્ટરપ્રાઈઝ' નામની ઈમીટેશનનું કારખાનું ચલાવે છે. તા. ૩૦/૩ના રોજ પોતે જીયાણા ગામે ખેતીના કામે ગયા હતા અને કારખાનું પુત્ર ધર્મેશભાઈ સંભાળે છે. અને તેમાં ત્રણ કારીગરો કામ કરે છે. તા. ૩૧/૩ ના રોજ પુત્ર ધર્મેશભાઈનો ફોન આવેલ તેણે કહેલ કે 'આપણા કારખાને ગયા બાદ તાલુ ખોલી અંદર જતા આપણા કારખાના દરવાજની બાજુની દીવાલમાં બાકોરૃં પડેલું છે.' તેમ વાત કરી હતી. ધર્મેશભાઈ કારખાને પહોંચી તપાસ કરતા લોખંડના સળીયા વડે કારખાનાના દરવાજાની બાજુમાં બાકોરૃં પાડી ચોરી થઈ હોઈ તેમ જણાઈ છે.' તેમ વાત કરતા પોતે કારખાને ગયા ત્યાં તપાસ કરતા કારખાનામાં ઈમીટેશનની ભઠ્ઠી ડાયમાં દાગીના બનાવતા હોઈ અને પોતે તપાસ કરતા રૂ. ૧.૦૨ લાખની કિંમતના ૮૫ કિલો પિતળના દાગીના જોવા ન મળતા ચોરી થઈ હોવાની ખબર પડી હતી.

# રાજકોટ કાંગસીયાળીના કારખાનેદાર યુવાનનો આર્થિક ભીંસને લીધે આપઘાત

રાજકોટ,

ગોંડલ રોડ પર શાપર નજીક કાંગસીયાળીમાં રહેતાં અને ભુણાવાના પાટીયે કારખાનુ ધરાવતાં મુળ મોટા ભાદરાના યુવાને ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.જાણવા મળ્યાા મુજબ કાંગસીયાળીમાં કલ્પાવન પાસે એટલાન્ટીક હાઈટ્સામાં રહેતાં પારસભાઈ દિનેશભાઈ જારપાણીયા (ઉ.વ.૨૯) નામના યુવાને રાતે બારેક વાગ્યેટ ઘરે ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ વહેલી સવારે અહિ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ અને ભાવેશભાઈ મકવાણાએ શાપર પોલીસને જાણ કરી હતી.આપઘાત કરનાર પારસભાઈ બે ભાઈમાં મોટો હતો અને મુળ જામકંડોરણાના ભાદરા ગામનો વતની હતો. તેને ભુણાવાના પાટીયે પીવીસી પાઈપનું કારખાનુ હતું. પત્નિોનું નામ દેવાંગીબેન છે અને તે હાલ માવતરે ગયા હતાં. આર્થિક ભીંસને કારણે પગલુ ભર્યાની શક્યાતા સગાએ જણાવી હતી. પોલીસે કારણ જાણવા વધુ તપાસ યથાવત રાખી હતી.